Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

नैर्मल्यं मानसं च स्वपरहितकृते जायतेसत्प्रवृत्तिः
शुद्धं सम्यक्त्वरत्नं गुणगणकिरणैर्भासितं प्राप्यते यत् ।
शुद्ध ज्ञानानुरागो गुरुचरणरतिर्लभ्यते चापि पूर्णा
आत्मानंद प्रकाशे प्रसरति हृदये दुर्लभं किं जनानाम् ॥१॥

पु. १५. } वीर सं. २४४४–वैशाक. आत्म सं. २२ } अंक १० मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રભુ સ્તુતિ. .... ... | ૨૨૩ | ૨ | આત્મ–સુધારણા ... | ૨૨૪ |
| ૩ | ઉપદેશક પદ.... ... | ૨૨૮ | ૪ | શ્રી શત્રુંજયનું આધુનિક વૃત્તાંત ... ... | ૨૨૯ |
| ૫ | મનુષ્ય જીવનનો દષ્ટિ કોણ. . | ૨૩૮ | ૭ | પ્રકીર્ણ અને વર્તમાન–સમાચાર... ... | ૨૪૫ |
| ૬ | શ્રી દાનવિજયજી મહારાજનાં વ્યાખ્યાનો. ... ... | ૨૪૧ | | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

## આ માસમાં નવા દાખલ થયેલા માનંતા સભાસદો.

૧ ડોકટર મણીલાલ લલ્લુભાઇ શાહ રે૦ રાણપુર. બી. વ. લાઇફમેમ્બર હાલ મહુ કેન્ટોન્મેન્ટ
૨ શા. વૃજલાલ મોતીલાલ રે૦ ભાવનગર   પે. વ. વાર્ષીક મેમ્બર

---

## તૈયાર છે !   તૈયાર છે !!   તૈયાર છે !!!

# " શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર. "

### ( શ્રીમદ ભાવવિજયજી વિરચિત. )

સર્વે સાધુ મુનિમહારાજા, સાધ્વીશ્રી, યતિવર્ગ અને જ્ઞાન ભંડારના વ્યવસ્થાપકોને ખબર આપવામાં આવે છે કે અમારા તરફથી એટલે બાબુ ચુનીલાલજી પન્નાલાલજી ઝવેરી તરફથી શ્રીમદ્ ભાવવિજયજીની રચેલી ટીકા સહીત શ્રીઉત્તરાધ્યયન સૂત્ર છપાવવામાં આવ્યું છે તે તૈયાર થઈ ગયું છે. જેની કિંમત રૂપીયા પાંચ રાખવામાં આવેલ છે માટે જેને ખપ હોય તેમણે ભાવનગર (કાઠીયાવાડ) **શ્રી જૈન આત્માનંદ સભાના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસને** લખી મંગાવી લેવું જેના નામથી વી. પી. મંગાવવું હોય તેનું નામ ઠેકાણું સાફ અક્ષરે લખવું, પોસ્ટ ખર્ચ કીંમતથી જુદો સમજવો.   **લી૦ બાબુ ચુનીલાલજી પનાલાલજી ઝવેરી,**

દા૦ કચરાલાલ—મુંબઇ.

---

## અમારા માનવંતા ગ્રાહકોનો ખુશખબર.

આ માસિકનું હાલમાં પંદરમું વર્ષ ચાલે છે જે પુરૂં થવા માત્ર બે માસ બાકી છે, આ વર્ષે અમારા કદરદાન ગ્રાહકને ભેટની બુક આપવાનો નિર્ણય થઇ ગયેલ છે જે હકીકત આવતા અંકમાં આપવમાં આવશે. અમારા સુજ્ઞ ગ્રાહકો, જોઇ શકયા છે કે દર વર્ષે એક સરખી રીતે-નિયમીત, ભેટની બુક આપવાનો ક્રમ માત્ર અમારોજ ચાલુ છે.

યુરોપના મહાન યુદ્ધને લઇને કાગળો અને છપાવવા વગેરેની સખ્ત મોંઘવારી છતાં જ્યારે ઘણા વર્તમાન પત્રોએ પેજ—પાનામાં ઘટાડો કર્યો છે છતાં અમોએ તેજ સ્થિતિ રાખી છે, એટલુંજ નહીં પણ કાગળોમાં પણ ફેરફાર કર્યો નથી અને ગમે તેટલી મોંઘવારી છતાં પણ ભેટની બુક પણ સારા કાગળ ઉપર સારા ટાઇપમાં છપાવવાની છે; તેમ કરી અમારા કદરદાન ગ્રાહકોને સંતોષ આપવાનોજ ઇરાદો છે. અમારા સુજ્ઞ ગ્રાહકોને લવાજમ વસુલ કરવા ભેટની બુક મોકલતાં તેઓ વી૦ પી૦ પાછું નહીં વાળે તેવી નમ્ર સુચના કરીયે છીયે.

જે ગ્રાહકોએ વી૦ પી૦ ન સ્વીકારવું હોય,—આટલા વખત માસિક લીધા છતાં લવાજમ ન આપવું હોય તેઓએ અમોને પ્રથમથીજ લખી જણાવવું જેથી સભાને અને પોસ્ટ ખાતાને નકામી તકલીફ ન પડે.

---

## પુસ્તક પહોંચ.

૧ ઇન્દ્રિ પરાજય શતક
૨ મહાવીર પ્રભુના શંદેશા
૩ સુવણ વચનાવળી
૪ વિજયધર્મસૂરિ જૈનઆચાર્ય
૫ વૃદ્ધિચંદ્રજી જૈન સભાનો રીપોર્ટ સં. ૧૯૭૩-૭૪ નો.

} શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન સભા—ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इहहि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १५ ] वीर संवत् २४४४, वैशाख आत्म संवत् २२. [ अंक १० मो.

## प्रभु स्तुति.

સ્વયં અનાગારી થતાં છતાં એ,
સાગારી જનને સુખ આપતાં જે;
સ્વયં નિરાકાર સ્વરૂપ રે'તા,
સાકારી જનને શિવસુખ દેતા.
આધિ ઉપાધિથી રહિત જે છે,
સોપાધિ જનને સુખ પર્મ દે છે;
એવા પ્રભુજી તણી મૂર્તિ નિત્યે,
પૂજો ભવિ ભક્તિ સહિત પ્રીતે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્મ-સુધારણા.

( લે૦-શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ.-ભાવનગર. )

" The plea that this or that man has no time for Culture will vanish as soon as we desire culture so much that we begin to eramine seriously into our present use of time. "

M. Arnold.

" આપણે આત્મ-સુધારણા અથવા આત્મવિકાસને માટે તિવ્ર આતુરતાથી ઇચ્છીને આપણે હાલમાં સમયનો કેવો ઉપયોગ કરીએ છીએ તેનું પરીક્ષણ કરવાનું શરૂ કરીએ કે તરતજ અમુક મનુષ્યને આત્મ-સુધારણા સાધવા માટે સમય મળતો નથી એવું બ્હાનું અદૃશ્ય થશે. "

એમ. આર્નોલ્ડ.

સામાન્યતઃ કેળવણીનો એવો અર્થ કરવામાં આવે છે કે તે પુસ્તકો અને શિક્ષકોની સાહાય્યથી મનને ખીલવવાની રીતિ અથવા પદ્ધતિ છે. યોગ્ય અવસરના અભાવે કે આવેલી તકનો લાભ લેવામાં ન આવે તેથી જ્યારે કેળવણીને વિસરી જવામાં આવે છે ત્યારે આત્મ-સુધારણા કરવાની એક આશા અવશિષ્ટ રહે છે, અને તેને અવલંબીને રહેવું પડે છે. આત્મ-સુધારણા કરવાના અનેક પ્રસંગો આપણી આસપાસ છે, આત્મ-સુધારણાના સાધનો પુષ્કળ છે. અને સસ્તા પુસ્તકો, મફત પુસ્તકાલયો, ઇત્યાદિના આ જમાનામાં માનસિક વિકાસ અને ઉત્કર્ષના જે સાધનો પુષ્કળતામાં પૂરા પાડવામાં આવે છે તેનો ઉપયોગ કરવાનું વિસરી જવા માટે કોઇ પણ બ્હાનું સંભવી શકે નહિ.

પચાસ વર્ષ અથવા એક સૈકા પૂર્વે જ્ઞાન પ્રાપ્ત કરવામાં જે મુશ્કેલીઓમાંથી પસાર થવું પડતું હતું તેનો, પુસ્તકોની તંગી અને તેના બહુ મૂલ્યત્વનો, સખત મજુરી કરવામાંથી અભ્યાસ માટે જે અત્યલ્પ સમય બચતો તેનો, વિચાર કરીએ છીએ ત્યારે એવા વિકટ સમયમાં કેવા રાક્ષસી બુદ્ધિબળ ધરાવનારા મનુષ્યો વિદ્યમાન હતા તેનો વિચાર માત્ર ખરેખર આશ્ચર્ય પમાડે તેવો છે. આ સર્વ મુશ્કેલીઓ ઉપરાંત સારીરિક અશકિત, અંધત્વ, શરીરના અનેક પ્રકારનાં રોગો અને વ્યાધિઓ આદિ વિટંબનાઓની સામે પણ ઘણા લોકો ને થવું પડયું હતું. વળી આ બધાની સાથે વર્તમાન સમયમાં અભ્યાસ અને આત્મોત્કર્ષમાં સહાયભૂત થનારા સાધનોની વિપુલતાનો આપણે વિચાર કરીએ છીએ ત્યારે આપણી સ્થિતિ જોતાં આપણને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરમ ઉપજે છે, કારણ કે આપણા ઉપયોગ અને પ્રેરણા માટે અનેક સાધનોનો સદ્ભાવ હોવા છતાં આપણે તેનો ઘણો સ્વલ્પ લાભ લઇએ છીએ.

'આત્મ-સુધારણા' શબ્દનો ઉપયોગ પોતાને સુધારવાની અથવા પોતાની ઉન્નતિ કરવાની પ્રબલ ઇચ્છા એવા સૂચક અર્થમાં કરવામાં આવ્યો છે. જો ઉન્નતિ અથવા સુધારણા માટે આપણા હૃદયમાં ઇચ્છા હોય છે, તો મોજશોખ અને એશ-આરામ કરવાની આપણી ઈચ્છાનું દમન કરવાથી સુધારણા કરવાનું કાર્ય સાધી શકાય છે. નવલકથાઓનું વાંચન, રમતગમત પર પ્રેમ, વાર્તાઓ કહેવાની અને સાંભળવાની ટેવ-એ સર્વને તિલાંજલી આપવી જોઇએ અને અવકાશની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરવા તત્પર થવું જોઇએ. જેઓ આત્મોન્નતિને માટે યત્ન કરતા હોય છે તે સર્વના માર્ગમાં આશક્તિ રૂપી સિંહ અવરોધ કરી રહ્યો હોય છે, અને આ શત્રુનો પરાજય કરવાથી જ આત્મોત્કર્ષ સાધ્ય થઈ શકે છે એ નિશ્ચિત વાત છે. કોઇ પણ મનુષ્ય તેના અવકાશનો સમય કેવી રીતે વ્યતીત કરે છે તે જાણવાથી તેનું ભવિષ્યજીવન કલ્પી શકાય છે, એટલુંજ નહિ પણ તેનાથી તેના આખા જીવનની ચાવી આપણા હાથમાં આવે છે, અને તે આ જીવનને કયા દૃષ્ટિબિંદુથી જુએ છે તે કહી શકાય છે. અવકાશના સમયનો દુરૂપયોગ કરવાથી ચારિત્ર્યનો જે અપકર્ષ ક્રમશઃ થાય છે, જે ભયંકર પરિણામ નીપજે છે તેનાથી તે કદાચ અનભિજ્ઞ હોય તો પણ ચારિત્ર્ય દૂષિત થાય છે એમાં જરાપણ શક નથી.

પોતાને પોતાના પ્રતિસ્પર્ધીઓથી પછાત પડી જતા જોઇને કેટલાક યુવકોને આશ્ચર્ય થાય છે, પરંતુ જો તેઓ આત્મપરીક્ષણ કરશે તો તેઓને જણાશે કે તેઓ પ્રગતિ કરતાં અટકી ગયા છે. કેમકે તેઓએ પોતાના જીવનને આત્મવિકાસથી અલંકૃત કરવાના, અને વિશાલ વાંચનક્ષેત્રમાં વિહરવાના પ્રયાસને ત્યજી દીધો છે. વાંચનમાં અને અભ્યાસ કરવામાં અવકાશના સમયનો સદુપયોગ કરવો એ ઉત્તમ ગુણોની નિશાની છે. ઘણા ખરા મનુષ્યોની બાબતમાં અભ્યાસ કરવામાં અથવા વાંચવામાં નિર્ગમન કરેલા અવકાશના સમયને વસ્તુતઃ અવકાશનો સમય કહી શકાય નહિ. કેમકે તે સમય નિદ્રામાંથી, ભોજનસમયમાંથી કે આરામના વખતમાંથી બચાવવામાં આવ્યો હોય છે.

લીહુ બુરીટ નામના સોળવર્ષની વયના એક છોકરાને એક લુહારની દુકાનમાં આખો દિવસ સખત કામ કરવું પડતું હતું. આ છોકરાને દુનિયામાં પોતાની ઉન્નતિ સાધવામાં સહાયભૂત થનારા સાધનો અને પ્રસંગો હતાં તે કરતાં ઓછાં સાધનો કોઈ પણ છોકરાને ભાગ્યેજ હશે. આવી સ્થિતિમાં મુકાયલો હોવા છતાં ભોજન વખતે પુસ્તકો વાંચીને, રાત્રે અને રજાના દિવસોમાં અભ્યાસ કરીને અને પોતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવકાશની પ્રત્યેક ક્ષણુનો સદુપયોગ કરી શકે એવા હેતુથી તેના ગજવામાં પુસ્તક રાખીને જે થોડો ઘણો સમય મળતો અથવા તે બચાવી શકતો તેમાં તે સુંદર કેળવણી સંપાદન કરવા શકિતવાન થયો હતો. જે વખત ઘણા ખરા છોકરાઓ આળસમાં ગુમાવે છે, જે વખત આળસુ છોકરાઓ બગાસાં ખાવામાં અથવા એદીની માફક લાંબા પડીને ગપ્પા મારવામાં ગુમાવે છે તેવા વખતમાં બુરીટને આત્મોન્નતિની સિદ્ધિ માટે જે તકો પ્રાપ્ત થતી તે સર્વનો સ્તુત્ય સદ્વ્યય કરતો. તેને જ્ઞાનની અત્યુત્કટ પિપાસા હતી. આત્મસુધારણાની ઉગ્ર અભિલાષા હતી, જેને લઇને તેના માર્ગમાં આવતાં સર્વ વિઘ્નોનું અતિક્રમણ કરી શકયો. એક શ્રીમંત ગૃહસ્થે તેની કેળવણીનો સઘળો ખર્ચ આપવાની ઇચ્છા જણાવી; પરંતુ બુરીટે કહ્યું–“ મારે કારખાનામાં બાર ચૌદ કલાક કામ કરવાનું હોય છે, છતાં પણ હું પોતે મારી કેળવણી સંપાદન કરી શકીશ; મારે કોઇના આશ્રયની કે સહાય્યની અપેક્ષા નથી ” આવો તેનો દૃઢ નિશ્ચય હતો. તેમાંથી તે ચલાયમાન થાય એ અશકય હતું. કારખાનામાં કામ કરતાં જે થોડો ઘણો વખત મળતો તેને કદાપિ વ્યર્થ જવા ન દેતો. પરંતુ તેનો ખરેખરો સદુપયોગ કરતો. તેની એવી મજબૂત માન્યતા હતી કે ભવિષ્યમાં તેને વખતની કરકસરનો વ્યાજ સહિત બદલો મળશે અને તેનો દુરૂપયોગ તેને અધઃપતનમાં ખાડામાં ફેંકી દેશે. લુહારની દુકાનમાં આખો દિવસ સખત મજુરી કરવા છતાં એક વર્ષ જેટલા ટુંક સમયમાં તે સાત ભાષા શીખી શકયો એ વાતનો વિચાર કરતાં અનહદ આશ્ચર્ય ઉત્પન્ન થાય તેવું છે.

શક્તિની ન્યૂનતાને લઇને નહિ પરંતુ યત્નની ખામીને લઇને માણસો આગળ વધી શકતા નથી. ઘણી વખત એવું પણ જોવામાં આવે છે કે સેવ્ય કરતાં સેવકનું મગજ વધારે સારૂં હોય છે; માનસિક શકિતમાં પણ કેટલીક વખત તે ચઢી જાય છે. પરંતુ તે તેની શકિતને–આંતરબળને સુધારી ખીલવવાની દરકાર કરતો નથી. તે ખરાબ ટેવોથી તેની શકિતને કુંઠિત અને ક્ષીણ કરી મુકે છે. યુવાનીમાં તેઓ સમય અને શકિત નિરૂપયોગી વિષયોમાં ગુમાવે છે અને પછી વૃદ્ધત્વ આવે છે અને સતત સેવાની શૃંખલા પીડા કરે છે ત્યારે ભાગ્યપર દોષ મુકી નિરાશા અને શોકમાં અવશેષ જીવનકાળ વ્યતીત કરે છે.

જે લોકોએ વિદ્યાર્થીઅવસ્થામાં શુદ્ધ હસ્તાક્ષરોથી લખતાં શીખવાનું અને વ્યવહારિક જીવનમાં આવશ્યક જ્ઞાનની મુખ્ય શાખાઓપર આધિપત્ય મેળવવાનું યોગ્ય ગણ્યું હોતું નથી તેવા લોકોમાંથીજ કારકુનો અને નોકરોની મોટી સંખ્યા જડી આવે છે. યુવાન પુરૂષો અને સ્ત્રીઓમાં જે અજ્ઞાનદશા પ્રચલિત છે તે આ જમાનામાં અને આ દેશમાં ખરેખર શોચનીય અને દયાજનક છે. દરેક સ્થળે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ નૈસર્ગિક શકિત ધરાવનારા સ્ત્રીપુરૂષો હલકા દરજ્જાની નોકરી કરતાં દષ્ટિએ પડે છે તેનું વાસ્તવિક કારણ એ છે કે તેઓ જે જ્ઞાનવડે કુશળ કાર્ય કરનારા થઈ શકે એવા જ્ઞાનની પ્રાપ્તિમાં તરૂણ વયની અંદર ચિત્ત પરોવાનું-એકાગ્ર કરવાનું તેઓને પુરતી આવશ્યકતાવાળું જણાયું નથી હોતું. તેમજ હજારો સ્ત્રીપુરૂષો જીવનના ઉત્ક્રાન્તિક્રમમાં પછાત પડી ગયેલા જોવામાં આવે છે તે એ કારણથી કે તેઓએ યુવાવસ્થામાં ઉપરથી નજીવી જણાતી પરંતુ અંદરથી અત્યુપયોગી બાબતોપર લક્ષ આપવાનું યોગ્ય ધાર્યું નથી હોતું.

કુદરતી શકિતથી સમન્વિત થયેલા અનેક પુરૂષો પોતાના જીવનના સર્વોત્તમ વર્ષો નજીવા પગારની નોકરીમાં ગાળે છે, કેમકે તેઓએ તેઓની માનસિક શકિતઓનો વિકાસ કરવાનું અથવા ઉચ્ચ પદવીને માટે પોતાની જાતને લાયક બનાવે એવા પ્રસંગોનો યોગ્ય લાભ લેવાનું ઉચિત ધાર્યું હોતું નથી, જેઓને પોતાના પર આધાર રાખવાનું અણધાર્યું બની આવે છે, એવા લોકો જીવન ક્રમમાં પ્રગતિ કરી શકતા નથી. કારણ કે ' હું એ કાર્ય કરવાનું ઉચિત ધારતો નથી, ' એવા શબ્દોથી યુવાવસ્થામાં કેટલાંક અગત્યના કાર્યો વિસરી જવામાં આવે છે, અને તે પરત્વે બિલકુલ લક્ષ આપવામાં આવતું નથી. પાઠશાળામાં કોઇ પણ વિષયના અભ્યાસમાં ઉંડા ઉતરવાથી ભવિષ્યમાં અતિશય લાભ થશે. અથવા પોતાનું પોષણ કરવાને સમર્થ બની શકાય એવી રીતે કંઇ પણ કાર્ય કરવાને પોતાની જાતને લાયક બનાવવાથી પોતાનું તેમજ અન્યનું હિત કરી શકાશે એવા વિચારોને પણ તેઓએ સ્થાન આપ્યું હોતું નથી. ઘણા ખરા યુવકોના સંબંધમાં એક મુશ્કેલ એ છે કે તેઓ પોતે સ્વીકારેલી પ્રવૃત્તિમાં પોતાની શકિતનો પૂર્ણ ઉપયોગ કરવાને નારાજ હોય છે. તેઓને જુજ વખત કામ કરવાનું ઓછું કામ અને અતિશય રમત ગમત પસંદ હોય છે. અને કેળવણી અભ્યાસ અથવા કાર્ય કરતાં વિશ્રાંતિ અને આનંદ માટે વિશેષ પ્રેમ અને ઇચ્છા હોય છે.

ઘણાં કારકુનો અને સેવકો પોતાના સેવ્ય તરફ ઈર્ષ્યાયુકત દષ્ટિથી જુએ છે, અને પોતે પણ સેવ્ય બને એમ ઇચ્છતા હોય છે પરંતુ સેવકના દરજા કરતાં ઉંચે જવાનો યત્ન કરવાનું કાર્ય અત્યંત કઠીન છે, એમ ધારે છે, અને સ્હેજ ઉંચો દરજ્જો મેળવવાના અને થોડા વધારે પૈસા પ્રાપ્ત કરવાના હેતુને સિદ્ધ કરવા ખાતર અભ્યાસ કરવાનું, પ્રયત્ન અને પરિશ્રમ કરવાનું કાર્ય પોતાને માટે ઉચિત છે કે નહિ એવા શંકાશિલ વિચારથી ભ્રમિત થાય છે, જેથી વસ્તુતઃ કંઇ કરી શકતા નથી અને એજ દશામાં નિરંતર સડયા કરે છે. અનેક મનુષ્યોના સંબંધમાં એક મુશ્કેલી એ છે કે તેઓ ભવિષ્યના લાભ ખાતર વર્તમાન ભોગ આપવાને ખુશી હોતા નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ આત્મ સુધારણા કરવામાં કાલક્ષેપ કરવાનું પસંદ કરતા નથી; કોઈ મહાન કાર્ય કરવાને તેઓને સંદિગ્ધ આંતરિક ઈચ્છા હોય છે, પરંતુ માત્ર થોડાં માણસોમાંજ તે ઇચ્છા ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે જે ઈચ્છા તેઓને ભવિષ્યના હિત ખાતર વર્તમાન સમયના ભોગ આપવાને પ્રેરે છે. પોતાના જીવન મંદિરના પાયાને મજબુત બનાવવામાં વર્ષો સુધી ખોંતળીએ કામ કરવાને માત્ર થોડા મનુષ્યોજ ખુશી હોય છે, તેઓને મહત્તા પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા હોય છે પરંતુ તેઓની ઇચ્છાની તિવ્રતા એવા પ્રકારની નથી કે ઈષ્ટ વસ્તુંની પ્રાપ્તિને અર્થે તેઓ ગમે તેટલો ભોગ આપવાને તત્પર બની શકે, આથી કરીને જનસમૂહનો મોટો ભાગ તો તેઓનું જીવન મધ્યમ સ્થિતિમાંજ વહન કરે છે. ઉચ્ચસ્થિતિ પ્રાપ્ત કરવાનું તેઓમાં સામર્થ્ય છે, પરંતુ તેને માટે તૈયારી કરવાને તેઓમાં નિશ્ચય અને ઉત્સાહ નથી અને આવશ્યક યત્નનો આદર કરવાની તેઓને લેશપણ દરકાર નથી હોતી. ઉચ્ચતર દશા પ્રાપ્ત કરવાને સતત યત્ન કરવા કરતાં પોતે જે સ્થિતિમાં મુકાયા હોય છે તેજ સ્થિતિમાં રહેવાનુ વધારે પસંદ કરે છે અને તેમાંજ પોતાનું શ્રેય સમજી વિશેષ પ્રયાસ કરવાનું મુકી દે છે.

જો કોઇ સ્ત્રી અથવા પુરૂષને આત્મ-સુધારણા અથવા આત્મોત્કર્ષ સાધવાની વૃત્તિ થાય છે તો તેને પ્રસંગ મળીજ રહે છે; પ્રસંગ મળી શકે એવું ન હોય તો તે ઉપસ્થિત કરશે. આપણી આસપાસ હંમેશાં જે જીવન વ્યવહાર ચાલી રહ્યો છે જેમાં આપણે સૌ ભાગ લઇએ છીએ તેમાંથી નીચેનું દૃષ્ટાંત જાણવા જોગ અને બોધક થઇ પડશે. ( અપૂર્ણ )

## ઉપદેશક પદ.

### " આવે સાથ ન ભાઈ ! તે જગતમાં જુદા થતાં દેહથી "

શાર્દૂલવિક્રિડિતવૃત.

જાણો જે ધનને તમે તમતણું જેનો ઘણો ગર્વ છે,
જેની પ્રાપ્તિથકી અહો જગતમાં સર્વત્ર આનંદ છે;
જેમાં અંધ બની તમે ન નમતા વિદ્વાનને પ્રેમથી;
આવે સાથ ન ભાઈ ! તે જગતમાં જૂદાં થતાં દેહથી.
ભારે ભોગ વિલાસનાં સુખ ઘણા જે વિત્તથી ભોગવો,
મોટા ખર્ચ ઘણાં કરી અવનિમાં કીર્તિ ઘણી મેળવો;
જાણો અક્ષર એકના પણ અરે વિદ્વાન જે દ્રવ્યથી,
આવે સાથ ન ભાઇ ! તે જગતમાં જૂદા થતા દેહથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રક્ષો કોટિ પ્રયત્નથી પૃથિવીમાં જે દ્રવ્યને દાટિને,
આપો પાઇ ન એક પાત્ર જનને " મારૂં " સદા માનીને;
કામો નીચ ઘણાં કરો અઘટતાં જે વિત્તના લોભથી,
આવે સાથ ન ભાઈ ! તે જગતમાં જૂદા થતા દેહથી;
લાવો લેશ દયા ન દીન જનનાં દુ:ખો નિહાળી કદા,
ગર્વાધીન થઈ ફરો ભટકતા જે વિત્તથી સર્વદા.
પાળો ધર્મ કદી ન શુદ્ધ કુળનો જે વિત્તના મોહથી,
આવે સાથ ન ભાઇ ! તે જગતમાં જૂદા થતા દેહથી.

* * * * *

જે મિત્રો સ્વજનો પિતા જનનીને પુત્રાદિ સર્વે સગાં,
રાખે સ્નેહ ઘણો સદા તમપરે કાઢી હૃદેથી દગા;
કૂટે મસ્તક તે ભરી નયનમાં પાણી ઘણા શોકથી,
આવે સાથ ન ભાઈ તે જગતમાં જૂદા થતા દેહથી.
રાખો યૌવન રૂપનો મદ ઘણો જે દેહને દેખીને,
છાકયા મૂઢ ફરો અહોનિશ તમે જે દેહથી છાકીને;
થાયે તે પણ ભસ્મ એક દિવસે ચિતાતણા અગ્નિથી,
આવે એમ ન કોઇ સાથ જગમાં પ્રાણો જતાં દેહથી.
એકાગ્રે ઈશનું કર્યું ભજન જે ષટ્રિપુ સંહારિને,
રાખી ઇંદ્રિય સર્વને વશ કરી વૈરાગ્યના સાધને;
જીત્યું ચંચળ ચિત્તને શમદમે અભ્યાસના યોગથી,
આવે છે નિજ સાથ એજ જગમાં જૂદા થતાં દેહથી.

**કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી**
**સનાતન સ્કુલ—ભાવનગર.**

# શ્રી શત્રુંજયતીર્થનું આધુનિક વૃત્તાંત.

( ગતાંક પૃષ્ટ ૨૦૭ થી શરૂ )

શત્રુંજય પર્વતનો પ્રાચિન પરિચય ગયા અંકમાં કરાવ્યા પછી અમારા વાચકવર્ગને વર્તમાન સમયમાં જે કાંઇ વિદ્યમાન છે, તેનું થોડું ઘણું અભિજ્ઞાન કરાવીએ છીએ. પાલીતાણા શહેરમાં જે સડક શત્રુંજય તરફ જાય છે તે પર્વતના મૂળસુધી પહોંચેલી છે, કે જ્યાં આગળના સ્થાનને તળેટી કહેવામાં આવે છે કે જ્યાં યાત્રાળુઓ વિશ્રાંતિ લે છે, અને ભાતું પણ આપવામાં આવે છે. અહીંથી પર્વતનો ચઢાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરૂ થાય છે; ચઢતી વખત ડાબી બાજુ બાબુ રાયબહાદુર ધનપતસિંહજી અને લક્ષ્મીપતિસિંહજીનું બનાવેલું મંદિર આવે છે, જેની પ્રતિષ્ઠા ૧૯૫૦ ની સાલમાં બાબુ તરફથી કરવામાં આવી છે. મંદિર ઘણુંજ સુશોભિત છે. જેમ આ કાર્યમાં ઉક્ત બાબુ સાહેબે ઉદારતા કરી ધનનો વ્યય કર્યો છે, તેમ શુમારે રૂપીયા દોઢ લાખ ખર્ચીને જૈન સૂત્રો પણ તેમણે છપાવ્યાં હતાં કે જે અનેક સ્થળે ભંડારોમાં તેમના તરફથી ભેટ આપવામાં આવેલાં છે. તલાટીના દેવાલયથી આગળ ઉંચે ચડતાં એક વિશ્રામસ્થળ આવે છે જેને ધોળીપરબના નામથી ઓળખવામાં આવે છે; એવી રીતે વિશ્રામસ્થળો, પાણીની પરબો, કુંડો, જળાશયોના પ્રબંધ થોડે થોડે દુર આખા પર્વત ઉપર આવી રહેલા છે. તાપ તેમજ શક્તિથી, અધીક પરિશ્રમથી વ્યાકુળ થયેલા પથિકો ત્યાં આગળ વિસામા લઇ શીતળ જળથી શાંતિ પ્રાપ્ત કરે છે. ઉપર કહેવામાં આવેલ પરબની પાસે એક નાની દહેરી છે, જેમાં ભરતચક્રવર્તિના ચરણ સ્થાપિત કરેલા છે. તે સ્થાપના વિક્રમ સંવત ૧૬૮૫ ની છે. એવી રીતે દહેરીઓ પણ ઠેકાણે ઠેકાણે છે.

આગળ એક સ્થાને કુમારપાળ કુંડનું વિશ્રામસ્થળ છે, તેને માટે કહેવામાં આવે છે કે તે રાજા કુમારપાળનું બનાવેલ છે.

જ્યારે પર્વતનું ચઢાણ લગભગ અડધું રહે છે ત્યારે હીંગલાજ દેવીની એક દહેરી આવે છે, તેની આગળ સૌથી છેલ્લી ટેકરી ઉપર હનુમાનની દહેરી આવે છે, ત્યાંથી આગળ જવાના બે રસ્તા નીકળે છે. એક મોટી ટુંકમાં જવાનો રસ્તો અને બીજો નવ ટુંકે જવાનો રસ્તો. જમણી બાજુના તે રસ્તેથી પહેલાં કોટની અંદર જવાય છે, જ્યાં એક ઝાડની નીચે અંગારશાહ નામની પીરની જગ્યા છે. તેને માટે આપણામાં જે પ્રવાદ છે અવશ્ય જાણવા જેવો છે, તે પ્રવાદ એ છે કે બાદશાહ અલ્લાઉદ્દીનના સમયમાં શ્રાવકોએ પોતાની રક્ષાને માટે એક કબર બનાવી છે જે તેને લઇને આગલા મુસલમાની રાજાઓને આ પવિત્ર તિર્થ ઉપર ઉત્પાત મચાવવો ઉચિત સમજ્યા ન હોય તે બનવાજોગ છે.

પર્વતના શિખરના બે ભાગ છે. બે બંને લગભગ ૩૮૦–૩૮૦ ગજ લાંબા છે અને સર્વત્ર મંદિરમય છે. એક મુખ્ય મંદિર અને બીજાં અનેક નાનાં નાનાં મંદિરો મળી જે મંદિરોનો સમુહ હોય છે તેને ટુંક કહેવામાં આવે છે. દરેક ટુંકને એક એક મજબુત કોટ છે, છેલ્લી ટુંક સહુથી મોટી છે. આ સર્વ ટુંકનો દેખાવ બહુજ રમણીય દેખાય છે.

ફારબસ સાહેબ રાસમાળામાં લખે છે કે "શત્રુંજય પર્વતના શિખર ઉપરથી પશ્ચિમ દિશાથી આગળ દેખતાં જે વખત આકાશ નિર્મળ અને દિવસ પ્રકાશમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે, ત્યારે શ્રી નેમિનાથ તિર્થંકરના ચરણથી પવિત્ર થયેલ એવો રમણીય ગિરનાર પર્વત દેખાય છે. ઉત્તર તરફ શિહોરની આસપાસના પહાડ નષ્ટ અવસ્થાએ પ્રાપ્ત થયેલ વલ્લભીપુરના વિચિત્ર દૃષ્યોને રૂંધન કરે છે.

ટુંકમાં પ્રવેશ કરવાને વાસ્તે આખા કોટમાં માત્ર બે મોટા દરવાજા છે, કોટની અંદર પ્રવેશ કરતાં એક ચોક, પછી બીજો ચોક, તે પછી ત્રીજો ચોક એવી રીતે એક મંદિર પછી બીજું મંદિર અને બીજા મંદિર પછી ત્રીજું મંદિર એમ ચોક અને મંદીરમાં થઇને જવાય છે. મંદીરોની કારીગરી બનાવટ વિગેરે તમામ ચીજો બહુમૂલ્ય છે, ત્યાં પ્રતિમાજીના અમુલ્યપણા માટે કહેવુંજ શું ? એક શ્રદ્ધાળુ મનુષ્ય આમતેમ દૃષ્ટિ જે વખત નાખે છે તે વખતે થોડા સમયને માટે તો પોતાને મુક્તિ નગરીનો એક પથિક સમજે છે. આ પર્વત ઉપર નવ અથવા દસ ટુંક છે, જેમાં નાનાં મોટાં સેંકડો મંદિરો છે, તે મંદિરોનું પુરેપુરૂં વર્ણન લખવામાં આવે તો એક પુસ્તક બની જાય માટે અહીં સંક્ષેપથી માત્ર ટુંકનોજ ઉલ્લેખ કરીએ છીએ.

**૧ ચૌમુખજીની ટુંક**—આ ટુંક બે વિભાગમાં બનેલી છે, ખરતરવસીનો વિભાગ અને અંદરના વિભાગ તે ચૌમુખજી. આ ટુંક સૌથી ઉંચા ભાગમાં બનેલી છે, ચૌમુખજીના મંદિરમાં આદિનાથ ભગવાનના ચતુર્મૂખ પ્રાસાદમંદિર છે. આ પ્રાસાદમાંનો એક મોટો ભારે ગઢ છે, તેની લંબાઇ ૬૩ ફુટ અને પહોળાઇ ૫૭ ફુટ છે, તેનો ગુંબજ ૯૬ ફુટ ઉંચો છે, મંદિરની આગળ મંડપ છે, મધ્યમાં ૧૨ સ્થંભ છે. આ મંદિરમાં શ્રી આદિનાથ ભગવાનની ચાર મનોહર મૂર્ત્તિ પદ્માસને છે. આ મંદિર એક તો પર્વતના ઉંચા ભાગ ઉપર હોવાથી તેમજ મંદિર પણ બહુ ઉંચુ હોવાથી જે વખતે આકાશ સ્વચ્છ હોય છે ત્યારે ૨૫–૩૦ ગાઉ દુરથી જોનારને દેખવામાં આવે છે. આ ટુંકને અમદાવાદના શેઠ સોમજી સવાઇએ સંવત ૧૬૭૫ માં બનાવ્યું. મીરાતે અહમદી નામના ગ્રંથમાં લખવામાં આવ્યું છે કે આ મંદિર બનાવવામાં ૫૮૦૦૦૦૦ રૂપીયા ખર્ચના થયા હતા. લોકો એમ કહે છે કે માત્ર રૂ. ૮૪૦૦૦ ના તો આ મંદિર બંધાવવામાં દોરડાં જોયાં હતાં.

**૨ છીપાવસીની ટુંક**—આ ટુંક બહુ નાની છે. તેમાં ત્રણ મોટા મંદિર અને ચાર દહેરીઓ છે. આ મંદિર ભાવસાર લોકોએ બનાવેલ છે–જેને છીપા કહેવામાં આવે છે. જેથી છીપાવશી કહેવામાં આવે છે તેનું નિર્માણ સંવત ૧૭૯૧ માં થયેલું છે. આ મંદિરની પાસે એક પાંડવનું મંદિર છે.

**૩ શાકરચંદ પ્રેમચંદની ટુંક**—આ ટુંક અમદાવાદના શેઠ શાકરચંદ પ્રેમચંદે સંવત ૧૮૯૩ માં બંધાવેલ છે તેમાં ત્રણ મોટાં મંદિર અને બાકીની નાની દહેરીઓ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૪ ઉજમબાઈની ટુંક**—અમદાવાદના પ્રખ્યાત નગરશેઠ પ્રેમાભાઇની ફઇ ઉજમબાઈએ આ ટુંક બનાવી છે. તેમાં નંદિશ્વરદ્વીપની અદ્દભૂત રચના કરેલી છે.

**૫ હેમાભાઈ શેઠની ટુંક**—અમદાવાદના નગરશેઠ હેમાભાઇએ ૧૮૮૨ આ ટુંક બંધાવી છે ને ૧૮૮૬ માં પ્રતિષ્ઠા કરી છે, જેમાં ચાર મોટાં મંદિર અને ૪૩ દહેરી છે.

**૬ પ્રેમચંદ મોદીની ટુંક**—અમદાવાદના ગ્રહસ્થ પ્રેમચંદ મોદી આ તિર્થની યાત્રા કરવા માટે એક ભારે સંઘ કાઢયો હતો. તિર્થની યાત્રા કર્યા બાદ તેમનો વિચાર મંદિર બનાવવાનો થયો જેથી લાખો રૂપીયા ખરચીને ટુંક બંધાવી જેમાં ૬ મોટાં મંદિર અને ૫૧ દહેરીઓ છે.

**૭ બાલાભાઈની ટુંક**—ગોઘાબંદરના રહેવાશી શેઠ દીપચંદ કલ્યાણજી જેમનું નાનપણનું નામ બાલાભાઇ હતું. તેમણે લાખો રૂપીયા ખરચીને ૧૮૯૩ માં આ ટુંક બંધાવી છે. આ ટુંકમાં નાનાં મોટાં અનેક મંદિરો છે, આ ટુંકની ઉપરના ભાગમાં એક મંદિર છે જેને અદભૂત કહેવામાં આવે છે, જેમાં આદિનાથ ભગવાનની ૫૦૦ ધનુષ્ય જેટલી વિશાળ શરીરમાનનું અનુકરણ કરનારી મૂર્ત્તિ છે. આ પ્રતિમા ૧૮ ફુટ ઉંચી છે અને ૧૪।। ફુટ બંને ધુંટીની વચ્ચે પહોળાઇ છે. સંવત ૧૬૮૬ માં ધર્મદાસ શેઠે તેની અંજનશિલાકા કરાવી છે. તેમની વર્ષમાં એકવાર વૈશાક શુદી ૬ ને દીવસ પૂજા કરવામાં આવે છે કે જે શત્રુંજયના અંતિમ ઉદ્ધારનો વાર્ષિક દિવસ ગણવામાં આવે છે, અજ્ઞાન લોકો આ મૂર્ત્તિને ભીમની મૂર્ત્તિ સમજે છે પરંતુ તે આદિનાથ ભગવાનની મૂર્ત્તિ છે.

**૮ મોતીશા શેઠની ટુંક**—૭૫ વર્ષ પહેલાં મુંબઇમાં મોતીશા નામના શેઠ મોટા વેપારી અને ધનવાન શ્રાવક થઇ ગયા છે, જેણે ચીન-જાપાન આદિ દુર દુર દેશમાં વ્યાપાર ચલાવી અખૂટ ધન પ્રાપ્ત કરેલ હતું. એક વખત શત્રુંજયની યાત્રા કરવાને સંઘ લઇને આવ્યા, એ વખતે અમદાવાદના પ્રખ્યાત શેઠ હઠીભાઇ પણ ત્યાં આવેલ હતા. શત્રુંજયના બંને શિખરોના મધ્યમાં એક મોટી ભારે ઉંડી ખાઇ હતી જેને કુંતાસરની ખાઇ કહેવામાં આવતી હતી. મોતીશાશેઠે પોતાના મિત્ર હઠીભાઈને કહ્યું કે-શ્રી ગિરીરાજનાં બંને શિખરો તો મંદિરથી વિભુષિત થઇ રહેલાં છે, પરંતુ આ વચલી ખાઈ જોનારની દૃષ્ટિએ ભયંકરતાના કારણથી ખુંચે છે જેથી મ્હારો વીચાર છે કે તેને પુરી દઇ તેના ઉપર એક ટુંક બનાવું. તે સાંભળી હઠીભાઇ શેઠે કહ્યું કે-પૂર્વકાળના મોટા મોટા રાજાઓ અને મહાઅમાત્ય થઇ ગયા તેઓ પણ તેની પુરતી ન કરી શકયા તો તમે તેના ઉપર ટુંક કેવી રીતે બંધાવી શકશો ? મોતીશા શેઠે કહ્યું કે-ધર્મના પ્રભાવથી મારૂં એટલું સામર્થ્ય છે કે પત્થરથી તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શું પરંતુ સીંસાથી અથવા સાકરના કોથળાઓથી આ ખાઇને હું પુરી શકીશ. એમ કહીને મોતીશા શેઠે તે દિવસથી ટુંક બંધાવવા માટે સંઘની આજ્ઞા લઇ પૂર્ણ કરવાનો આરંભ કર્યો, થોડા દિવસમાં આ ભિષણગર્તને પૂરો કરી ઉપર સુંદર ટુંક બનાવવાનો આરંભ કર્યો. લાખો રૂપીયા ખરચીને બહુજ ભવ્ય અને સાક્ષાત દેવવિમાન જેવું મંદિર તૈયાર કરાવ્યું. આ મંદિરની સાથે બીજા શેઠ હઠીભાઈ, દીવાન અમરચંદ દમણી અને મામા પ્રતાપમલ વીગેરે પ્રસિદ્ધ ગ્રહસ્થોએ પોતપોતાના મંદિર બંધાવ્યાં, મંદિરનું કાર્ય પુરૂં થવા આવ્યું હતું એટલામાં શેઠજીનો સ્વર્ગવાસ થયો, જેથી તેમના સુપુત્ર શેઠ ખીમચંદભાઇએ મોટો સંઘ લઇ ત્યાં આવી શત્રુંજયની યાત્રાની સાથે આ ટુંકની સં. ૧૮૯૬ માં પ્રતિષ્ઠા કરી. આ સંઘ ઘણોજ મોટો હતો. કહેવામાં આવે છે કે બાવન ગામના સંઘ આ વખતે એકત્ર થયા હતા અને સાથેજ જણાવવામાં આવે છે કે એક કરોડ કરતાં પણ વધારે ખર્ચ આ ટુંક બનાવવામાં થયેલ છે. આ ટુંકમાં ૧૬ મોટાં મંદિરો અને ૧૨૫ શુમારે દહેરીઓ છે. સંસારમાં મનુષ્યો શું નથી કરી શકતા?

**૯ શ્રી આદિશ્વર ભગવાનની ટુંક**—શત્રુંજયગિરીના બીજા શિખર ઉપર શ્રી આદિશ્વર ભગવાનની ટુંક આવેલી છે. આ ટુંક સૌથી મોટી છે, આ તિર્થનો જે આટલો મહીમા છે તે તેને લઇને છે. તિર્થપતિ આદિનાથ ભગવાનનું ઐતિહાસીક તેમજ દર્શનીય મંદિર તેની વચમાં છે. મોટા કોટના દરવાજામાં પ્રવેશ કરીને સિદ્ધા પ્રવેશ કરતાં જેની બંને બાજુ સેંકડો મંદિર પોતાની વિશાળતા, ભવ્યતા અને ઉચ્ચતાના કારણથી દેખનારને આલ્હાદ ઉત્પન્ન કરે છે. મહારાજા **સંપ્રતિ** તેમજ **કુમારપાળ–મહામાત્ય,** વસ્તુપાળ તેજપાળ, પેથડશા, સમરાશા આદિ પ્રસિદ્ધ પુરૂષોનાં બનાવેલાં મહાન મંદિરો તેની શ્રેણીમાં સુશોભિત છે, યદ્યપિ એ મંદિર પોતાની સુંદરતાના કારણથી સર્વ શ્રેષ્ટ છે તો પણ તેમાં પ્રાચીન ભારતની આદર્શભૂત શિલ્પકળાના થોડા ઘણા વિકૃતરૂપ થઈ જવાના કારણથી ભારત ભક્તના દીલમાં આનંદની સાથ ઉદ્વેગ થાય છે. કારણ એ છે કે– અહીંઆ જેટલાં પુરાણા મંદિર છે તે સર્વેના અનેકવાર પૂનરોદ્ધાર થઇ ગયો છે. ઉદ્ધાર કરનારાઓએ ઉદ્ધાર કરતી વખત પ્રાચીન કારીગરી બનાવી પરંતુ શિલાલેખ વીગેરેની રક્ષા તરફ બીલકુલ ધ્યાન ન રાખ્યું હોય તેમ જણાય છે, તે કારણથી પુરાતત્વજ્ઞાનીની દ્રષ્ટિમાં આમાં કયો ભાગ નવો અને કયો ભાગ પ્રાચીન છે તે સમજાતું નથી. શિક્ષિત વર્ગનો એ નિશ્ચય થઇ ગયો છે કે–ભારતની ભૂતકાલીન વિભૂતિનો વિશેષ પરીચય કેવળ તેની પ્રાચીન લુશ, તેમજ પત્થરનો ટુકડો પણ કરાવી શકે છે એવી દશામાં તેની અવજ્ઞા થતી જોઇ દુઃખ થાય છે. મંદિરોની શ્રેણીમાં એના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મધ્ય ભાગે ચાલતાં ચાલતાં હાથીપોળ નામનો દરવાજો આવે છે. દરવાજાની સામે નજર કરતા આ પૂજ્ય પવિત્ર અને દર્શનીય મંદિર દ્રષ્ટિગોચરથાય છે. આ મંદિર આ તિર્થનું મુકટમણિ છે કે જે મંદિરમાં તિર્થપતિ આદિનાથ ભગવાનની ભવ્યમૂર્તિ બિરાજમાન છે.

**મુખ્ય મંદિરનો ઇતિહાસ**—આ તિર્થ ઉપર શ્રી શત્રુંજય મહાત્મ્ય ગ્રંથમાં જણાવ્યા મુજબ આગળ બતાવ્યા પ્રમાણે સૌથી પહેલાં, ભરતચક્રવર્તિએ શ્રી આદિનાથ તિર્થંકરનું મંદિર બંધાવ્યું. પછી તેનો ઉદ્ધાર અનેક દેવ અને મનુષ્યોએ કર્યા એવા બાર ઉદ્ધારો તો ચોથા આરામાં થઈ ગયા છે તેનો ઉલ્લેખ ઉપર થઇ ચુકયો છે. શત્રુંજય મહાત્મ્યકારે ભગવાન શ્રી મહાવીરના નિર્વાણ બાદના બે ઉદ્ધારનો ઉલ્લેખ કર્યો છે તે ઉપર જણાવવામાં આવેલ છે.

ધર્મઘોષસૂરિએ પોતાના પાકૃકલ્પમાં **સંપ્રતિ વિક્રમ** અને **શાલીવાહન** રાજા આ ગિરીવરના ઉદ્ધારક બતાવ્યા છે. પરંતુ તેની વધારે સત્યતાના માટે હજુ સુધી કોઈ વિશ્વશ્રીય પ્રમાણ મળી શકયું નથી.

## બાહડમંત્રિનો ઉદ્ધાર.

વર્તમાનમાં જે મુખ્ય મંદિર છે તે વિશ્વસ્ત પ્રમાણથી જણાય છે કે–ગુર્જર મહામાત્ય **બાહડ** ( વાગ્ભટ્ટ ) મંત્રીથી ઉદ્ધરત થયેલ છે. વિક્રમની તેરમી સદીના પ્રારંભમાં જે વખતે મહારાજા કુમારપાળ રાજ્ય કરતા હતા તે વખતે તેના ઉક્ત પ્રધાને પોતાના પીતા ઉદયન મંત્રીની ઇચ્છાનુસાર તે મંદિર બનાવ્યું છે. પ્રબંધ ચિંતામણીના કર્ત્તા મેરૂતુંગસૂરિ આ ઉદ્ધારના સબંધમાં જણાવે છે કે કાઠીયાવાડના કોઇ સુંવર નામના માંડલિક શત્રુને જીતવા માટે મહારાજા કુમારપાળ રાજાએ પોતાના મંત્રિ ઉદયનને મોટી સેના આપીને મોકલ્યો. વઢવાણ શહેરની પાસે એ વખત મંત્રિ પહોચ્યો તે વખતે શત્રુંજયગિરિ નજદીક રહ્યો જાણી સૈન્યને આગળ કાઠીયાવાડમાં રવાના કર્યું. પોતે ગિરીરાજની યાત્રા કરવા માટે શત્રુંજય તરફ રવાના થયો. જલદીથી શત્રુંજય ઉપર પહોંચી ત્યાં ભગવત પ્રતિમાના દર્શન, વંદન અને પૂજન કર્યું તે વખતે તે મંદિર પત્થરનું નહિ પરંતુ લાકડાનું બનેલું હતું. મંદિરની સ્થિતિ બહુજ જીર્ણ હતી અને અનેક ઠેકાણે ફાટફુટ પડી ગઇ હતી, મંત્રિ-પૂજન કરી પ્રભુ પ્રાર્થના કરવા માટે રંગમંડપમાં બેઠા અને એકાગ્રતાથી સ્તવન કરવા લાગ્યા, તે વખતે મંદિરની કોઇ એક ફાટમાંથી એક ઉંદર નીકળ્યો, તે એક દિવાની બતી મોંમા લઇને પાછો કયાંક ચાલ્યો ગયો. આ પ્રસંગ દેખીને મંત્રીએ દીલગીરી સાથે વિચાર કર્યો કે મંદિર કાષ્ટમય અને જીર્ણ હોવાથી આવી રીતે દીવાની બતીથી કોઇ વખત અગ્નિ લાગી જાય તો તિર્થની ભારે આશાતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવાનો ભય છે. મ્હારી આટલી સંપત્તિ તથા પ્રભુતા શું કામની છે? એમ દીલગીર થઈ તે મંત્રિએ પ્રતિજ્ઞા કરી કે આ યુદ્ધ પૂર્ણ થયા બાદ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરીશ અને કાષ્ટ સ્થાને પત્થરના મજબૂત મંદિર બનાવીશ. એમ વિચાર કરી મંત્રિ ત્યાંથી નીકળીને પોતાના સૈન્યની માથે મળી ગયો. શત્રુની સાથે ખુબ લડાઇ કરી તેનો પરાજય કર્યો, પરંતુ મંત્રિને એક સખ્ત પ્રહાર લાગવાથી તે પણ સ્વધામ પહોંચી ગયા. મંત્રિએ અંત સમયે પોતાના સૈનિકોને કહ્યું કે આપણા માલેકનું કર્તવ્ય બજાવીને જાઉં છું જેથી મને અત્યંત હર્ષ થાય છે; પરંતુ શત્રુંજયના ઉદ્ધારની મેં જે પ્રતિજ્ઞા કરી છે તે પુરી નહી કરી શકવાથી મને બહુજ દુઃખ થાય છે. ખેર ! ભવિતવ્યતાને લઇને આ સુકૃત મારા હાથથી થયું નથી, પરંતુ મને વિશ્વાસ છે કે મારા પ્રિય પુત્ર મારી ઇચ્છા પૂર્ણ કરશે, જેથી આ છેલ્લો સંદેશો મારા પુત્રને તમે કહેજો. મંત્રિનું તે વચન સૈનિકોએ મસ્તકે ચઢાવ્યું. મંત્રિનો અગ્નિ સંસ્કાર કરીને વિજયી સૈન્ય દીલગીરી સાથ રાજધાની પાટણમાં પહોંચ્યું. સૈનિકોએ મંત્રિના બાહડ અને અંબડ નામના પૂત્રોને તેમના પિતાનો અંતિમ સંદેશો કહ્યો. પિતાનો પવિત્ર સંદેશો પુત્રોએ મસ્તકે ધારણ કરીને તે વખતથી શત્રુંજયના ઉદ્ધારની તૈયારી કરવા લાગ્યા. બે .વર્ષમાં મંદિર તૈયાર થઇ ગયું તેની વધાઈના સમાચાર કહેવા આવનારને મંત્રિ બાહડે ઉચીત દાન આપ્યું અને પ્રતિષ્ટાની તૈયારી કરવા માંડી. થોડાક વખત પછી એક મનુષ્યે આવીને મંત્રિ બાહડને કહ્યું કે પવનના સખ્ત સપાટાના કારણથી મંદિરના વચમાં ફાટ પડી તે સાંભળીને મંત્રિને ઘણોજ ખેદ થયો અને રાજા કુમારપાળની આજ્ઞા લઇને ૪૦૦૦ ઘોડેશ્વારોને સાથે લઇને શત્રુંજય પહોંચ્યો, ત્યાં જઇ કારીગરોને ફાટ પડવાનું કારણ પુછતાં કારીગરોએ કહ્યું કે મંદિરના અંદરની જે પ્રદીક્ષણા દેવાને માટે ભ્રમણ માર્ગ બનાવ્યો છે, તેમાં જોરદાર હવાનો પ્રવેશ થવાથી મધ્ય ભાગ ફાટી ગયો છે. જો કદી એ ભ્રમણમાર્ગ ન બનાવાય તો શિલ્પ શાસ્ત્રમાં જણાવવામાં આવ્યું છે કે બનાવનારને સંતતિનો અભાવ થાય. મંત્રિએ કહ્યું કે ભલે મને સંતતી નહો પરંતુ મંદિર એવું બનાવો કે જેથી ટુટવા ફાટવાનો બીલકુલ ભય ન રહે. શીલ્પીઓએ પોતાની બુદ્ધિથી મંદિરના ભ્રમણમાર્ગ પર શીલાઓ લગાવી એવું બનાવી દીધું કે ન કોઇ તોફાનનો ભોગ થઈ શકે, કે ન સંતતીનો અભાવ થાય. ( કહેવાય છે કે એ શિલાઓ અત્યાર સુધી તેવીજ સ્થિતિમાં છે. ) એ પ્રકારે ત્રણ વર્ષમાં મંદિર તૈયાર થઇ ગયું. ત્યારબાદ મંત્રીએ પાટણથી મોટો સંઘ લઇ ઘણોજ ધનનો વ્યય કરી સુપ્રસિદ્ધ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ પાસે સંવત* ૧૨૧૧ માં અનુપમ પ્રતિષ્ઠા કરાવી.

મેરૂતુંગાચાર્ય લખે છે કે આ મંદિર બંધાવાને માટે બાહડ મંત્રિને એક કરોડને સાઠ લાખ રૂપૈયાનો ખર્ચ થયો છે.

* પ્રભાવક ચરિત્રમાં ૧૨૧૩ની શાલ લખવામાં આવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મંદિરની વ્યવસ્થા તેમજ નિભાવને માટે મંત્રીએ કેટલીક જમીન તેમજ** ગામો દેવદ્રવ્યમાં આપેલ છે, કે જેની ઉપજથી તીર્થનું સદૈવ કાર્ય નિયમ પુરઃસર ચાલ્યા કરે.

## સમરાશાહનો ઉદ્ધાર.

બાહડમંત્રીની પછી થોડા વર્ષ બાદ શાહબુદ્દીન ગોરીએ ઉદ્વેગજનક હુમલા શરૂ કર્યા. દીલ્લીશ્વર **પૃથ્વીરાજ** ચૌહાણનો પરાજય કરી ભારતના ભાગ્યાકાશમાં વિપત્તિના વાદળાની ભયાનક ઘટાને આવવા દ્વાર ખોલી દીધા. શ્રાવણ–ભાદરવાના મેઘોની જેમ એક પછી એક ત્રાસજનક મલેચ્છોના આક્રમણ થવા લાગ્યા. ચૌદમી સદીના મધ્યમાં અત્યાચારી અલ્લાઉદ્દીને આર્યાવર્તના આદર્શ તેમજ અનુપમ એવા અસંખ્ય મંદિરોનો નાશ કરવાનો પ્રારંભ કર્યો. જેની રમણિયતાની બરાબરી સ્વર્ગના વિમાન પણ ન કરી શકે તેવા હજારો મંદિરો તેણે ધૂળમાં મેળાવી દીધા. જે શાંત પ્રતિમાઓને દેખવાથી પાપિષ્ટ આત્મા પવિત્ર થઇ જાય તેવી અસંખ્ય દેવમૂર્તિઓ વિદીર્ણ કરી નાખી. તે અસૂરોએ શત્રુંજય તિર્થને પણ અસ્પૃષ્ટ તેમજ અખંડિત નહિં રહેવા દીધું, અને શ્રી તિર્થપતિ આદિનાથ ભગવાનની પૂજ્ય પ્રતિમાને પણ નુકશાન કર્યું અને મહાભાગ્ય મંત્રિ **બાહડે** ઉદ્ધરત કરેલ મંદિરના કેટલાક ભાગોને ખંડિત કરી દીધા. **જિનપ્રભસૂરિ** કે જે તે સમયે વિદ્યમાન હતા તેમણે પોતાના વિવિધ તિર્થકલ્પમાં આ દુર્ઘટનાની મિતિ ૧૩૬૯ ની લખી છે.

આ વખતે અણહિલપુર પાટણમાં ઓશવાલ જાતિમાં દેશલ–હરા વંશમાં **સમરાશાહ** નામના મોટા સમર્થ શ્રાવક વિદ્યમાન હતા, તેમનો સિધ્ધો પરિચય દિલ્હીના બાદશાહની સાથે હતો; જ્યારે તેમને ઉપર જણાવેલ ઉત્પાત માલુમ પડ્યો ત્યારે તે અલ્લાઉદીનની પાસે ગયો અને તેમને સમજાવી બોધ કરીને શત્રુંજયને વિશેષ હાનિથી બચાવી લીધું. અને બાદશાહની રજા લઇને તે શાહે ગિરીરાજ ઉપર જેટલું નુકશાન મુસલમાનોએ કર્યું હતું તેટલું ફરી તૈયાર કરવાનું શરૂ કરી દીધું. બાદશાહના તાબામાં મમ્માણની સંગેમરમરની ખાણો હતી કે જેમાંથી ઘણી ઉંચી જાતના પત્થર નીકળતા હતા. સમરાશાહે ત્યાંથી પત્થર લેવાની બાદશાહની પરવાનગી માગી. બાદશાહે રજા આપી. જેથી સુમારે બે વર્ષમાં નવી મૂર્તિ બનાવી તૈયાર કરી, અને મંદિરની તમામ મરામત થઇ ગઇ. સંવત ૧૩૭૧ માં **શમરાશાહે** પાટણથી સંઘ લઇને આ ગિરીવર ઉપર જઇ ભગવાનની મૂર્ત્તિની ફરીથી મંદિરમાં નવી પ્રતિષ્ઠા કરી. પ્રતિષ્ઠામાં તપગચ્છના બ્રહત પોષાલિક શાખાના આચાર્ય શ્રી રત્નાકર સૂરિ આદિ અનેક પ્રભાવિક આચાર્યો હતા. આ પ્રતિષ્ઠાના સમયનો થોડો લેખ શત્રુંજય ઉપર હજી વિદ્યમાન છે. અને શમરાશા અને તેમની સ્ત્રી સમરશ્રી બંનેની મૂર્ત્તિ પણ જોડે મોજુદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કર્માશાહનો ઉદ્ધાર

શમરાશાહની સ્થાપન કરેલી મૂર્ત્તિનું મુસલમાનોએ પાછળથી ખંડન કર્યું. છતાં બહુ દિવસો સુધી તે મૂર્ત્તિ તેવા ખંડિત રૂપમાં પણ પુજીત રહી. કારણ એમ હતું કે મુસલમાનોએ નવી મૂર્ત્તિ સ્થાપન કરવા દીધી નહી. મહમદ બેગડા પછી ગુજરાત તેમજ કાઠીયાવાડમાં મુસલમાનોએ પ્રજાને બહુજ કષ્ટ પહોંચાડયું, મંદિર બનાવવાનું તેમજ મૂર્ત્તિ સ્થાપન કરવાનું તો દુર રહ્યાં પરંતુ તિર્થસ્થળ ઉપર જાત્રાળુઓને દર્શન કરવા માટે પણ જવા દેતા નહતા. કદી કોઈ આજીજી કરે તો સંજોગ પ્રમાણે પૈસા લઇને યાત્રા કરવાની મુસલમાનો રજા દેતા હતા. જ્યાં દેખો ત્યાં બધે અંધાધૂની ચાલી રહી હતી. કેટલાએ વર્ષો સુધી આવી નાદિરશાહી ચાલી રહી. અને આવી સ્થિતિમાં આ પવિત્ર તિર્થની દુર્દશા જોઈ જૈન પ્રજા આંસુ સારતી હતી. સોળમી સદીના ઉત્તરાર્ધમાં ચિતોડની વીરભૂમિમાં **કર્માશાહ** નામના કર્મવીર શ્રાવકનો અવતાર થયો. તેણે પોતાનું વીર્ય ફોરવીને આ તિર્થનો પુન્નરોદ્ધાર કર્યો. અને ત્યારથી દિનપ્રતિદિન અધિકાઅધિક ઉન્નતિ થવા લાગી. ફરી જગતગુરૂ **શ્રીહિરવિજયસૂરિ**ના અપૂર્વ સામર્થ્યથી આ તિર્થની ઉન્નતિની ગતિમાં વીશેષ વેગ આવ્યો, કે જે કારણથી તે આ જગતમાં મંદિરોનું એક શહેર કહેવાય છે. કર્માશાહે ઉદ્ધરત કહેલું મંદિર અને પ્રતિષ્ઠા કરેલી પ્રતિમાજી અદ્યાપિ જૈન પ્રજાના આત્મિક કલ્યાણમાં સહાયભુત થઈ રહેલી છે. અને પ્રતિદિન હજારો ભાવિક લોકો દર્શન વંદન પૂજન કરીને આત્મહિત કરે છે.

**શ્રી વીવેકધીરગણિએ** પોતાની સદબુદ્ધિનો ઉપયોગ કરીને એક શત્રુંજય ઉદ્ધાર પ્રબંધ નામનો ગ્રંથ બનાવ્યો છે. જેમાં લેખકે **કર્માશાહ** તેમજ તેમણે કરેલા ઉદ્ધારનું સ્પષ્ટ વર્ણન કરેલું છે. આ મહાત્મા લેખક ઉદ્ધારના વખતે હાજર નહોતા, પરંતુ ઉદ્ધાર સંબંધી તમામ ઉચિત વ્યવસ્થા તેમના હાથમાં હતી, જેથી ઈતિહાસિક દ્રષ્ટિએ તે ગ્રંથ ઘણોજ મહત્વનો છે. પંડિત **વીવેકધીરગણિ** કોણ હતા, અને કયા ગચ્છમાં થયા છે, તેમજ કયા કયા ગ્રંથો બનાવ્યા છે વિગેરે હકીકત શોધ ખોળ કરતાં હજુ સુધી માલુમ પડી નથી, પરંતુ આ ગ્રંથમાંજ એક સ્થળે એવું જણાવવામાં આવે છે કે આ મહાત્મા શિલ્પ વિદ્યામાં પણ પૂર્ણ નીપૂણ હતા. શત્રુંજયના ઉદ્ધારના કાર્યમાં કર્માશાહએ હજારો કારીગરોને નિયુકત કર્યા હતા તે તમામને સમુચિત શિક્ષા દેવાના સ્થાન ઉપર શ્રી **વીવેકધીરગણિ**ને તેમના ગુરૂએ અધ્યક્ષ નિમ્યા હતા. તેમના આ કાર્યમાં તેમના ગુરૂભાઈ **વીવેકમંડન** પાઠક સહાકારી હતા. જૈન સાધુઓને સાવદ્ય કર્મ કરાવવાને જૈન શાસ્ત્રકાર નિષેધ કરે છે તથાપિ સંઘની શુભેચ્છા તેમજ શાંતિને માટે કોઈ વખત તેવા નિષિધ કર્તવ્યો કરવાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ શાસ્ત્રકારે અપવાદ તરીકે રજા આપી છે. દાખલા તરીકે વાસ્તુ શાસ્ત્રના કથન અનુસાર જો કોઇ દેવમંદિરની રચના દોષયુકત થઇ જાય તો તેનુ અનિષ્ટફળ બનાવનાર, પૂજા કરનાર, ગામ નિવાસીઓ અથવા અધિકમાં સંપૂર્ણ દેશવાસીઓને ભોગવવું પડે છે. આવા કારણથી સંઘ તેમજ દેશની સર્વ પ્રજાના ભલાને માટે પંડિત વીવેકધીરગણિમાં અપ્રતિમ નિપૂણતા જોઇને તેમના ગુરૂએ આ મહાન તિર્થના ઉદ્ધારના કાર્યમાં નિયુકત કરેલા હતા. કે જે વીવેકધીરગણિની સુક્ષ્મ નિરિક્ષણ શકિતનું સુફળ જૈન પ્રજા અત્યાર સુધી યથાયોગ્ય ભોગવે છે.

કર્માશાહના આ ઉદ્ધારના વર્ણનનો લેખ મંદિરના અગ્રદ્વારપર એક શિલાપટ ઉપર છે. તે પ્રશસ્તિ કવિવર લાવણ્ય સમયની બનાવેલી તેમજ આ પ્રબંધના કર્તાના હાથની લખેલી છે જેમાં સંક્ષિપ્ત આ ઉદ્ધારનું વર્ણન કરેલું છે. શિવાય ભગવાન આદિનાથ અને ગણધર પુંડરિકજીની મૂર્ત્તિ પર પણ કર્માશાહનો સંક્ષિપ્ત ગદ્ય લેખ છે. આ આધુનિક વૃત્તાંત ટુંકમાં આપવામાં આવ્યું છે હવે પછી ઐતિહાસિક સારભાગ આપવામાં આવશે.

અપૂર્ણ.

# મનુષ્ય જીવનનો દષ્ટિ કોણ.

ખાસ કરીને બીજા સામાન્ય પ્રાણીવર્ગ કરતાં મનુષ્યને વિચારશક્તિનો વિકાસ અધિક પ્રાપ્ત થયેલો હોવાથી પોતાના ક્ષયોપશમ અનુસાર તે બુદ્ધિપૂર્વક વિચારી શકે છે. પરંતુ જ્યાંસુધી મનુષ્યે એ વિચારને આચારના સ્વરૂપમાં મુકયા હોતા નથી ત્યાંસુધી સુખ, સંપત્તિ, સામર્થ્ય વિગેરે કાંઇ પણ પ્રાપ્ત થઇ શકતું નથી. જે સુખ પોતે અમુક મર્યાદામાં કલ્પેલું હોય છે તે કર્તવ્યના આચારમાં હોવાથી જીવન પર્યંત શું કર્તવ્ય છે એ વિચારોનું વારંવાર પરિશીલન કર્યા પછી તેને આચારમાં યથાયોગ્ય રીતે મુકવામાં જીવનનું સાફલ્ય છે.

બાહ્ય નિમિત્તોને જોઇ સુખદુઃખાદિનો અનુભવ કરવાને ટેવાયલું મન આ વિષયમાં બહુજ અગત્યનો ભાગ ભજવે છે. મન કોઇ પણ પરિસ્થિતિનો નિર્ણય વિચારરૂપ વ્યાપારવડે કરે છે તેથી વિચારમાં સાવધ રહેનાર મનુષ્યો દુઃખાદિને અલ્પ પ્રમાણમાં અનુભવી શકે છે. મન જે નિર્ણય કરે છે તે કોઇ ફેરવી શકતું નથી અને તેવા નિર્ણયનું ફળ મનુષ્યને અવશ્ય મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ હોવાથી જે ફળ પ્રાપ્ત કરવાને આપણો આત્મા ઉત્સુક થયો હોય તે મેળવવાને મનને અમુક નિર્ણયવાળું કરવું જોઇએ. મન જ્યારે પોતાના ઇચ્છિત વિચારોને અખંડ સેવે છે ત્યારે તેની ભૂમિકામાં આચારરૂપ બીજ વવાય છે અને કર્તવ્યથી ઉત્પન્ન થતું ફળ પછીજ મળી શકે છે.

સારૂં કે ખોટું જે મનુષ્યને મળ્યું હોય છે તે તેના વિકાસક્રમની તેટલી ભૂમિકાને યોગ્ય જ હોય છે. વસ્તુસ્થિતિથી અજ્ઞાન મનુષ્યો એમ માને છે કે ' મને અમુક યોગ્ય રીતે મળ્યું છે, ' ખરૂં જોતાં તેમ નથી. જે વિવિધ પરિસ્થિતિઓ પૂર્વ કાળમાં મનુષ્યે એકઠી કરેલી છે તેનુંજ વર્તમાનકાળમાં અનુભવાતું પરિણામ છે. સ્વભાવ, વિચારો, નિશ્ચયો, સમાગમ અને પૂર્વ સંસ્કારોને અનુસાર જેટલી લાયકાત પ્રાપ્ત થયેલી હોય તેટલીજ વર્તમાનમાં દેખાય છે તેથી કશું ગભરાવા જેવું હોતું નથી; પરંતુ જેટલી જેટલી અપૂર્ણતા વિકાસક્રમમાં વધેલા અન્ય મનુષ્યના મુકાબલે જણાતી હોય તે દૂર કરવા મનોબળ દૃઢ કરવું જોઇએ અને કર્તવ્યક્ષેત્રમાં ઉત્સાહપુર્વક ગતિ કરવી જોઇએ.

કોઇને ભયવાળું અંતઃકરણ તો કોઇને નિર્ભય, કોઇને ક્રોધ–શોકવાળું તો કોઈને અક્રોધ અને શોક રહિત. કોઇને કલેશ અને ચિંતાવાળું તો કોઇને આનંદ અને નિશ્ચયપણાવાળું, કોઇને વિકારવાળું તો કોઇને તે વિનાનું, એ પ્રકારે વિવિધ પ્રકારનાં પ્રત્યેકની યોગ્યતા પ્રમાણે અંતઃકરણ મળ્યાં હોય છે. આ સર્વ પોતાનાં પૂર્વકૃત ઉદ્યમનું પરિણામ છે. જેનો જેની સાથે સંબંધ થવા યોગ્ય હોય છે તેનોજ તેની સાથે સંબંધ થયેલો હોય છે. કર્મના અવિચળ નિયમને જુઠો પાડવા ઘણી વખત મનુષ્યોના વિચારો પ્રેરાય છે તે સૂક્ષ્મ વિચારના અભાવનું પરિણામ છે.

કોઈ મનુષ્યના સંબંધમાં આવતાં આપણને તેના ઉપર પ્રીતિ કરવાનું મન થાય છે અથવા પ્રસંગે તેનાથી જેમ ઝટ છુટા થવાય તેમ ઇચ્છા થાય છે. પ્રસંગે કોઈનાથી આપણને નિર્ભયતા જ સ્વાભાવિક રીતે પ્રતીત થાય છે અથવા પ્રસંગે કોઇને જોતાંજ ભય ઉત્પન્ન થાય છે. કોઇ મહાન્ વ્યક્તિને જોતાં આપણો ક્રોધ શમી જાય છે અથવા કોઇને જોતાં ક્રોધ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે જુદા જુદા મનુષ્યોના સંબંધમાં આવતાં આપણને જુદી જુદી લાગણીઓ થાય છે.

દૃષ્ટાંત તરીકે નિર્દોષ સાધુજીવનને વહન કરનારા પંચમહાવ્રતધારી મહાત્માની સમીપતા માત્ર થતાં સમાગમમાં આવનાર મનુષ્યોનાં આંતર વિકારો કેવા દબાઈ જાય છે ! કેવી અપૂર્વ શાંતિ એકાએક પ્રકટે છે ! આ પ્રમાણે શાંતિપ્રિય મનુષ્યોના સમાગમમાં આવતાં અંતરવૃત્તિઓ જુદુંજ સ્વરૂપ ધારણ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુષ્ટ મનુષ્યોના સહવાસમાં અલ્પ સમય પણ ન આવવું એવી જે શાસ્ત્રકારોએ નીતિ સ્થાપી છે, તેમાં પણ એજ રહસ્ય રહેલું છે. તેમના સબંધમાં અલ્પ સમય પણ આવતાં તેમના વિરોધી સ્વભાવની અસર આપણા ઉપર થાય છે અને પરિણામે હાનિ શિવાય કશું દ્રષ્ટિગોચર થતું નથી. સત્પુરૂષના સહવાસનું વાતાવરણ આપણા ઉપર અસર કરી, આપણને તેમની જેવા કરી મુકે છે.

જેમ આ જગત્‌માં જુદા જુદા પદાર્થને જુદા જુદા આકાર અને રંગ હોય છે તેમ વિચારને પણ આકાર અને રંગ હોય છે, એ જૈનદર્શન અનાદિકાળથી જે સિદ્ધ કરતું આવ્યું છે–તે હાલમાં નૂતન વિજ્ઞાને પુરવાર કર્યું છે. તેમજ કૃષ્ણ લેશ્યા, નીલલેશ્યા વિગેરે ઉપનામોથી માનસિક વિચારોને રંગેલા છે. આથી મનુષ્ય જેવા વિચારો સેવે છે, તેવીજ અસર તેના બાહ્ય શરીર ઉપર થાય છે એ વિજ્ઞાન શાસ્ત્રીઓ અચ્છી રીતે જાણે છે.

માનસિક વિચારો ઉપરથી આચારો અને કર્તવ્યોનું ગુંથન થાય છે એ સ્પષ્ટ છે, છતાં તે બંનેની સંકલનાને યોજનાર જ્યાંસુધી પ્રયત્ન અને ઉત્સાહ પ્રકટ થયાં હોતાં નથી, ત્યારસુધી બંને અલગ રહે છે. અને કાર્યસિદ્ધિ પ્રકટાવી શકતાં નથી.

સર્વનો પ્રયત્ન એકજ હોતો નથી. કોઈને માટે એકજ પ્રયત્ન નિર્ણય થયેલો નથી. અધિકાર પ્રમાણે પ્રયત્નનો ભેદ હોવાથી સર્વને એકજ પ્રયત્નનો બોધ કરી શકાતો નથી, તેથી શો પ્રયત્ન કરવો તે બુદ્ધિમાને બુદ્ધિથી અને સદ્વિચારથી નિર્ણય કરતાં કદાચ ખોટો થશે તો તેથી ભય ધરવાનું કારણ નથી; એ ખોટો નિર્ણય પ્રયત્નના અનુભવથી યોગ્ય નિર્ણયમાં આવશે. મહાત્માના વચનો વિશેષ વાંચી વિચારવાથી સૂક્ષ્મદષ્ટિ પ્રાપ્ત થતાં સત્ય નિર્ણયો સ્વયમેવ મળતા રહેશે.

આ ઉપરથી એ ફલિત થાય છે કે વિચારો સારા કરવા, મનોબળ દઢ કરવું અને શાસ્ત્રવચન રૂપ ટાંકણાથી વર્તન ઘડવું એ મનુષ્યજીવનનો દષ્ટિકોણ અથવા સાધ્યબિંદુ છે. ખોટામાંથી સારૂં પ્રકટાવવાનો મનને સ્વભાવ પાડવો એ પરમ રહસ્યને સદા દષ્ટિ સન્મુખ રાખવું જોઇએ.

गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ।

એ સૂત્રને નિરંતર સ્મરણમાં રાખવાની અગત્ય છે. કેમકે જે જે દષ્ટિબિંદુઓ માનસિક વિચારણાના માર્ગમાં આવ્યા હોય તેમાંથી આચારમાં કેટલા મુકાયા અને મુકાય છે તે લક્ષ્યમાં રહેશે અને પ્રયત્ન નિરંતર બળવાન થતો જશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવનનું લક્ષ્યબિંદુ અનેક રીતે વહેંચાયલું છે. છતાં વિચાર અને આચાર ઉપર તે લટકેલું એ નિર્વિવાદ છે. જેમ જેમ લક્ષ્યો ઉચ્ચ કોટિનાં થશે તેમ તેમ કર્તવ્યની દિવ્યતા જણાશે અને પરિણામે મનુષ્યજીવન તુષમાત્ર નિરર્થક નહીં બનતાં સાત્વિક અને અનુકરણીય બનશે.

ફતેહચંદ.

## પંન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજે ગાયકવાડસરકાર સમક્ષ આપેલ વ્યાખ્યાન.

### કોઇ પણ વાતમાં કદાગ્રહ ન કરવા રૂપ વીસમા ગુણનું વર્ણન.

( ગતાંક પૃષ્ઠ ૨૨૧ થી શરૂ. )

બીજા માણસનો પરાભવ કરવાની ખાતર અનીતિના કાર્યનો આરંભ કરવો, તેનું નામ અભિનિવેશ ( ઉર્ફે દુરાગ્રહ ) કહેવાય છે. એવો અભિનિવેશ કરનાર આ લોકમાં તથા પરલોકમાં દુરાગ્રહી એવા ગ્રામકૂટની માફક દુઃખી અવસ્થાને પ્રાપ્ત થાય છે. તે ગ્રામકૂટનું દૃષ્ટાંત નીચે મુજબ.

અનેક જલ તરંગોથી રમણીય એવી નર્મદા નદીના દક્ષિણ દિશાના તટ ઉપર અનેક ધનવંત પુરૂષોથી સુશોભિત એવું સામંત નામનું નગર હતું. તે નગરમાં અતિ ધનવાળો હોવાથી પ્રસિદ્ધિને પામેલો એવો ગ્રામકૂટ નામનો ગૃહસ્થ રહેતો હતો. તેને એક સુંદરી નામે સ્રી હતી. તે શીલાદિ ગુણે કરીને વિભૂષિત હતી. અને તેને એક પુત્ર પણ હતો, છતાં પણ તેને બીજી સ્રી પરણવાની ઇચ્છા થઇ. તે ઇચ્છા થતાં વારજ અતિ ધનવંત તથા પ્રસિદ્ધ હોવાથી તરતજ તેણે બીજા કોઇ ગૃહસ્થની પુત્રીની સાથે પાણીગ્રહણ કર્યું. તે નવીન સ્રીનું નામ કુરંગી હતું. જો કે તે અવગુણના સ્થાનરૂપ હતી. છતાં નવીન હોવાથી તેના ઉપર અતિ સ્નેહને તે ધારણ કરતો હતો. હવે તે પોતાની નવીન સ્રીની ઉપર અતિ રાગવાન્ હોવાથી તેના કહેવા મુજબ પોતાની જુની સ્રી સુશીલ હોવા છતાં તેને ભાગ આપીને જુદું રહેવાનું કહ્યું. તે સ્રી પણ સુશીલા તેમજ પતિની આજ્ઞામાં રહેવા વાળી હોવાથી જુદી રહી. હવે ગ્રામકૂટ પોતાની નવી સ્રી જે કુરંગી તેની સાથે અનેક પ્રકારનાં વિષયસુખનો અનુભવ કરે છે, તેવામાં તે દેશના સ્વામીએ ગ્રામકૂટને બોલાવવાથી ગ્રામકૂટે કુરંગી નામની નવીન સ્રી પાસે રજા માગી. ત્યારે તે ઉલટી રજા નહીં આપતાં સાથે જવા તૈયાર થઇ. ત્યારે તેને ઘણું સમજાવીને કહ્યું કે, હું થોડા દિવસમાં પાછો આવીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે તેણીએ કહ્યું કે, હે સ્વામી હું તમારી આજ્ઞાથી અહિં રહીશ. પરંતુ સપત્નીના કહેવાથી લોકો મારે માથે કલંક મુકશે. આ સાંભળીને ગ્રામકૂટે કહ્યું કે, હું કોઈનું માનવાનો નથી. ઈત્યાદિ ઘણી રીતે ગ્રામકૂટ કુરંગીને યોગ્ય રીતે સમજાવીને ઘર સોંપી રજા લઇને ગયો. પછી કુરંગી પણ જાર પુરૂષોની સાથે નાના પ્રકારના કામ-ભોગમાં મગ્ન થઇ. અને જાર પુરૂષોને ખુશી કરવાની ખાતર પોતાના ઘરમાંથી ધન ધાન્ય અને વસ્ત્રાદિક સર્વ વસ્તુઓ તેઓને આપીને ઘરને એક શુન્ય જંગલ સરખું કરી મુકયું. અર્થાત્ ઘરમાં કંઈ પણ સારભૂત વસ્તુ રહેવા દીધી નહીં. ત્યારબાદ ગ્રામકૂટ પોતાના સ્વામીનું કાર્ય કરી પોતાના નગરમાં આવવા નીકળ્યો. નગરની બહાર આવીને પોતાને ઘેર પોતાની કુરંગી નામની નવીન સ્ત્રીને નોકર દ્વારાએ કહેવરાવ્યું કે તમારા સ્વામી આવે છે, માટે તેઓને અર્થે ઉત્તમ પ્રકારનાં ભોજનો કરીને તૈયાર રાખો. તે સાંભળીને ઘરમાં કાંઇપણ ન હોવાથી નોકરને સાથે લઇ સુંદરીને ઘેર જઈ સુંદરીને કહ્યું કે આપણા સ્વામી ઘણી મુદતે પરદેશથી આવે છે, માટે તું મોટી હોવાથી આજે મારા કહેવાથી સ્વામીજી તારે ઘેર ભોજન કરશે. તું ભોજનની તૈયારી કર. આ સાંભળીને સુંદરી સુશીલ તેમજ પતિભક્તા હોવાથી તરતજ ભોજન તૈયાર બનાવ્યું. હવે ગ્રામકૂટ તો નગરમાં આવીને સીધોજ પોતાની પ્રિય સ્ત્રી કુરંગીને ઘેર ગયો. જઇને કહ્યું કે, હે સ્ત્રી જલદી મને ભોજન આપ, વિલંબ ન કર. આજે ઘણા દિવસથી તારા હાથનું ભોજન નહીં કરવાથી મને ઘણી ઉત્કંઠા થઇ રહી છે. આ સાંભળી કુરંગીએ ક્રોધ કરીને કહ્યું કે, મને તમારા સ્નેહની પુરેપુરી ખબર છે. જેને ઘેર કહેવરાવ્યું છે, તેને ઘેર જાઓ. કુરંગી પોતાની મેળે સુંદરીને ઘેર જઇને ભોજનનું નક્કી કરી આવી છે, છતાં પોતાના સ્વામીના માથે દોષ મુકવાથી ગ્રામકૂટ તો બિલાડીને દેખીને જેમ ઉંદર છાનોમાનો બેસી રહે, તેની જેમ મુંગાની માફક બેસી રહ્યો છે. એટલામાં પોતાની સુશીલા એવી પ્રથમ સ્ત્રીએ પોતાના પુત્રને તેના પિતાને બોલાવવાની ખાતર મોકલ્યો. પુત્રે આવીને કહ્યું કે હે પિતાજી પધારો, ભોજન તૈયાર થઇ ગએલ છે. તેજ વખતે કુરંગીએ પણ કહ્યું કે, સુંદરીને ઘેર જા, અને ભોજન કર. આ સાંભળી–દીનમુખ વાળો થઈને સુંદરીને ઘેર ગયો. પોતાનો સ્વામી ઘણે દીવસે પોતાને ઘેર આવતો હોવાથી સુંદરી પણ પોતાના સ્વામીને દૂરથી દેખીને ઉભી થઇ તેમના સામી જઈ પ્રણામ કરી પોતાના ઘરમાં લાવીને સ્નાનાદિક કરાવીને સારી સારી રસોઇ સ્વામીનાથની પાસે મુકી, પરંતુ કુરંગી ઉપરના સ્નેહથી કુરંગીના હાથનું ભોજન નહીં હોવાથી તેને તે ભોજન સારૂં નહીં લાગવાથી સુંદરીને કહ્યું કે કુરંગીએ જે કંઈ રસોઇ કરી હોય તેમાંથી થોડી લઈ આવ તો ખાવાનું ભાવે. આ સાંભળી સુંદરીએ કુરંગીને ઘેર જઈને કહ્યું કે તેં જે કંઇ પણ રસોઈ કરી હોય, તેમાંથી આપ, કે જેથી સ્વામીને તૃપ્તિ થાય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ ભોજન પણ સારૂં લાગે. તે સાંભળી કુરંગીએ કંઇ પણ રસોઇ ન કરેલી હોવાથી તાજું ગોબર આપ્યું. તે લઇ આવીને સ્વામીને કહ્યું કે, હે સ્વામીનાથ આ કુરંગીએ આપ્યું છે. તે અંગીકાર કરો. તે લઇને તે રાગાંધ હોવાથી અત્યંત ખુશી થઈને તેણે ભોજન કર્યું. ભોજન કરીને બેઠો છે, એટલામાં ઘણા દિવસે આવવાથી તેનો મિત્ર એક બ્રાહ્મણ હતો, તે તેને મળવાને માટે આવ્યો. ત્યારે ગ્રામકૂટે મિત્રને પુછ્યું કે, હે મિત્ર આજે કુરંગી કેમ આટલી બધી ક્રોધાયમાન છે. ત્યારે બ્રાહ્મણે પણ મિત્રાઈનો સંબંધ હોવાથી કહ્યું કે, હે મિત્ર તારી એ સ્ત્રી દુરાચારીણી છે, માટે તારા ગયા બાદ એ તારી દુરાચારિણી સ્ત્રી અહર્નિશ જાર પુરૂષોની સાથે વિષયસુખને ભોગવવા લાગી, અને એ તારી સ્ત્રીએ જાર પુરૂષોની ઉપર અતિ મોહિત થયેલી હોવાથી તારા ઘરમાં સર્વ સારભૂત વસ્તુ તેઓને આપી દીધી છે. ઈત્યાદિ સર્વ સત્ય હકીકત કહી, છતાં પણ આગ્રહી હોવાથી તે વાત નહીં માનતાં ઉલટો પોતાના મિત્ર બ્રાહ્મણને ઉપાલંભ દેવા લાગ્યો કે, હે મિત્ર આવી આવી અસત્ય વાત તું મારી આગળ શા માટે કરે છે. મારી સ્ત્રી કદાપિ આવી હોયજ નહિ, ત્યારે મિત્ર પણ મનમાં સમજી ગયો કે, આ મારા મિત્રને આ તેની દુરાચારીણી સ્ત્રીએ ઘણોજ આગ્રહી બનાવેલ છે માટે મારૂં કહ્યું માનવાનો નથી એમ માનીને મૌન થયો. ત્યારબાદ ગ્રામકૂટ પણ કુરંગીને ઘેર આવીને મિત્રે કહેલી બધી વાત જણાવી, એટલે કુરંગી બોલી કે, હે સ્વામીનાથ મેં તમને પ્રથમથીજ કહ્યું હતું કે, મારી સપત્નીના કહેવાથી લોકો મારા માથે કલંક મુકશે, તે પ્રમાણે બન્યું કે નહીં. ત્યારે ગ્રામકૂટ કહે છે કે હા, તારી વાત કહેવી સાચી હતી, પરંતુ આ મારો મિત્ર એવું અસત્ય કેમ બોલે ? ત્યારે કુરંગી કહે છે કે હું કહું છું તે સાંભળો. આ તમારો મિત્ર મહા દુરાચારી છે તે મારી સપત્નીના કહેવાથી મારે ઘેર આવીને મારૂં શીલ ખંડન કરવાને તૈયાર થયો હતો, એ વાત મેં નહીં માનવાથી મારા માથે ખોટું કલંક મુકવા માટે આ તમને ખોટી વાત કહી છે. આ વાત આગ્રહી અને રાગાંધ ગ્રામકૂટે સાચી માનીને તે બ્રાહ્મણ મિત્રનો તિરસ્કાર કરીને તેની સાથે મિત્રાચારીના સંબંધને પણ તોડી નાંખ્યો. અંતમાં કુરંગીના વશમાં પડીને દુરાગ્રહી એવા તે ગ્રામકૂટે તેના કહેવા મુજબ અનીતિવાળાં કાર્યો જેવાં કે સુશીલા એવી સુંદરી નામની યોગ્ય સ્ત્રીને જુદી રાખવી, સત્યવાદી એવા બ્રાહ્મણ મિત્રનો તિરસ્કાર કરવો. આદિ કરીને આ લોકમાં અપકીર્તિ તથા પરલોકમાં દુર્ગતિ આદિ દુઃખોનો પણ અનુભવ કર્યો. ઉપરોક્ત હેતુથી કોઇપણ કાર્યમાં કદાગ્રહ નહીં કરતાં સત્યાસત્યની પરીક્ષા દ્વારા અસત્ય કાર્યનો ત્યાગ કરી સત્ય વસ્તુનો અંગીકાર કરવો, તેજ સજ્જન પુરૂષોએ પોતાનું કર્તવ્ય માની યોગ્ય કાર્યમાં પ્રવૃત્તિ કરવી એજ ઉચિત છે.

॥ ઇતિ વીસમા ગુણનું સ્વરૂપ સંપૂર્ણ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॥ ગુણી પુરૂષોનો પક્ષપાત કરવારૂપ એકવીશમા ગુણનું સ્વરૂપ ॥

હે સજ્જન પુરૂષો કોઈપણ દિવસે કોઇના દોષો નહીં જોતાં ગુણોને અંગીકાર કરવા કારણ કે, અવગુણ સાંભળવાથી તેમજ બોલવાથી ઉલટી હાની કરે છે, તે વિષે કહ્યું છે કે:—

संतोप्यसंतोऽपि परस्य दोषा नोक्ताः श्रुता वा गुणमावहंति ।
वैराणि वक्तुः परिवर्धयंति श्रोतुश्च तन्वंति परां कुबुद्धिम् ॥ १ ॥

**ભાવાર્થ**:—પરપુરૂષના છતા દોષો અથવા અછતા દોષો બોલવાથી અથવા સાંભળવાથી કોઇપણ ગુણ ઉત્પન્ન થતો નથી, પરંતુ દોષો બોલવાવાળાને વૈરની વૃદ્ધિ થાય છે, અને સાંભળવાવાળાને ખોટી બુદ્ધિ ઉત્પન્ન કરે છે. આ ઉપર કહેલ હેતુથીજ દૂષણવાળા પુરૂષોના દોષો ન અંગીકાર કરતાં ગુણી પુરૂષોના ગુણનો પક્ષપાત કરવો. ગુણી પુરૂષોના ગુણ ગ્રહણ કરવાની ઇચ્છા દ્વારાએ આપણામાં પણ સદ્‌ગુણોની ઉત્પત્તિ થાય છે, અને તે સદ્‌ગુણોની ઉત્પત્તિ થવાથી આ લોકમાં પણ યશરૂપ સુખ અને પરલોકમાં પણ સદ્‌ગતિરૂપ સુખની પ્રાપ્તિ થાય છે.

---

## ॥ દેશ તથા કાળ વિરૂદ્ધ આચારનો ત્યાગ કરવારૂપ બાવીશમા ગુણનું સ્વરૂપ ॥

અકાળ અને અદેશમાં એટલે નિષેધ કરેલા દેશમાં તથા કાળમાં ગમન કરવું નહી. નિષેધ દેશ જેવા કે કારાગૃહ તથા વધ કરવાના સ્થાનમાં તેમજ જુગારી લોકોના સ્થાનમાં તથા પરાભવના સ્થાનમાં તેમજ ભંડારના મકાનમાં અને બીજાના અંતેઉરમાં ચોર-વેશ્યા-નટ આદિના સ્થાનમાં તથા નિષિદ્ધ કરેલ કાળમાં એટલે મધ્યરાત્રિમાં ગમન ઇત્યાદિ સજ્જન પુરૂષોને કદીપણ કરવાં ઉચિત નથી, કારણ કે તેવા સ્થાનમાં અથવા કાળમાં આચરણ કરવાથી પુરૂષને રાજા તથા ચોર વિગેરેથી ઉપદ્રવ થાય છે, માટે અયોગ્ય દેશ તથા અયોગ્ય કાળનું આચરણ ન કરતાં યોગ્ય દેશ તથા કાળનું આચરણ કરવું ઉચિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકીર્ણ.

## શ્રી જીવદયા પ્રબોધક મંડળ તરફથી જાહેર સભા. દયાધર્મની શ્રેષ્ઠતા પર ભાષણો.

### નાગપુરમાં સોમયાગનો પ્રતિવાદ.

તા. ૬-૫-૧૮ સોમવારના રોજ સુરત શહેરમાં સમગ્ર પ્રજાની એક મીટીંગ રા. રા. મધુવચરામ બળવચરામ વ્હોરાના પ્રમુખપણા નીચે, નાગપુરમાં સોમયાગ થવાનોછે કે જેમાં અજનો (બકરાનો) હોમ કરવાના હોઇ તેનો પ્રતિવાદ કરવા એક મીટીંગ મળી હતી. 'અહિંસા પરમોધર્મ' એ સમગ્ર આર્ય પ્રજાનો અમુલ્ય ધર્મ હોવા છતાં નાગપુરમાં આર્ય પ્રજા એક પશુનો યજ્ઞમાં હોમ કરે તે ઓછું ખેદકારક નથી. મહાન ઋષિઓના રચેલા ગ્રંથો તેમજ ભગવદ્ગીતા અને બાઇબલ જેવા ધાર્મિક ગ્રંથોમાં પણ જેનો નિષેધ કરેલો છે, તેવા પશુ વધનો યજ્ઞ આ સુધરેલા જમાનામાં હોઇ શકેજ નહીં. જ્યાં સામાન્ય બુદ્ધિ તેવા કાર્યનો તીરસ્કાર કરે છે ત્યાં ધર્મ શાસ્ત્રો તે કાર્યને નિંદનિક ગણે એમાં નવાઈજ નથી. અજ શબ્દનો અર્થ ધર્મ શાસ્ત્રોમાં 'જે રોપવાથી ઉગે નહીં એવો જુનો જવ' એમ થાય છે ત્યાં તેનો અર્થ બીજી રીતે કરી પશુની હિંસા કરી તેને ધર્મ માનવો તે આર્યપણું કહી શકાય જ નહીં. આવા હિંસાના ધાર્મિક નિમિત્તે થતા કાર્યો અટકાવવા માટે હિંદુસ્તાનના ચારે ખુણામાં દરેક આર્ય પ્રજાએ પોકાર ઉઠાવી ધર્મને નામે થતી તેવી હિંસા અટકાવવા માટે નાગપુરની પ્રજાને વિનંતિ-સૂચના કરવી જોઇએ. અમે નાગપુરની પ્રજાને જાહેર વિનંતિ કરીયે છીએ કે આવા હિંસાનું કાર્ય તેઓ બંધ કરાવશે. યજ્ઞમાં પશુ વધ કરવો તેને માટે દરેક શાસ્ત્રો ના પાડે છે તેમાં વેદમાં પણ તેનો નિષેધ કરે છે જેને માટે સ્વર્ગવાસી પૂજ્યપાદ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી મહારાજે ) શ્રી અજ્ઞાનતિમિર ભાસ્કરમાં બહુ સારી રીતે બતાવેલ છે.

### સુરતના શ્રી સંઘની ઐકયતા.

આ શહેરના જૈન સમુદાયમાં સુમારે ૧૧ વર્ષ થયા કેટલાક કારણોથી કુસંપ થયો હતો. તેનું સમાધાન કરવાનો પ્રયાસ હાલમાં પન્યાસજી શ્રી આનંદસાગરજી મહારાજને આચાર્ય પદવી આપવાની હોવાથી તે પહેલાં શુમારે દોઢ માશથી ચાલતો હતો, પરંતુ જાણવા પ્રમાણે આ પદવી પ્રદાન ઉપર તેનું સમાધાન થઇ ગયું છે તે ખુશી થવા જેવું છે. જાણવા પ્રમાણે પંન્યાસજી શ્રી આનંદસાગરજી મહારાજને પરમપૂજ્ય શ્રીમાન મૂળચંદ્રજી મહારાજના શિષ્ય આચાર્ય મહારાજશ્રી વિજયકમલસૂરિજીના સુહસ્તે તે ક્રિયા કરાવી આચાર્ય પદવી આપવામાં આવી છે. આ મહોત્સવ પ્રસંગે સમવસરણ અને મેરૂ પર્વતની રચના, અઠ્ઠાઈમહોત્સવ વગરે થયેલ છે. સ્વામિવાત્સલ્યમાં પણ ઘણું દ્રવ્ય ખરચાણું છે. આવા પ્રસંગે વર્તમાન કાળ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંજે ક્ષેત્રનું પોષણ કરવાની જરૂર છે, તેવા શ્રાવક ક્ષેત્ર માટે દૃષ્ટિ કરવામાં આવી હોય તેમ જણાતું નથી. આ પ્રસંગે શ્રાવકોની ઉન્નતિના માટે એક સારૂં ભંડોળ-ફંડ કરવામાં આવ્યું હોત તો તે વધારે આનંદજનક દેખાત.

શ્રી સંઘની ઐક્યતા કરવામાં શેઠ સુરચંદ પુરૂષોતમદાસ બદામી અને ચુનીલાલ ગુલાબચંદ દાલીયા વગેરેએ સારો પ્રયાસ કરેલો એમ કહેવામાં આવે છે, જેથી તેઓને ધન્યવાદ ઘટે છે.

જે કારણોથી સુરતના સંઘમાં કુસંપ થયો હતો તેવા કારણોથી જો બીજે સ્થળે તેમજ મુનિમહારાજ કે જૈન બંધુઓમાં પણ કુસંપ, મનદુઃખ કે અભાવ થયો હોય તો તેને નષ્ટ કરી ઐક્યતા–સ્નેહ–ભ્રાતૃભાવ–પ્રેમ વગેરે અરસપરસ કરવાની દરેક વ્યક્તિને વિનંતિ છે. જ્યાં મૂળ નષ્ટ થયું એમ કહેવામાં આવતું હોય ત્યાં શાખા વગેરે રહી શકેજ નહીં. જેથી આટલી નમ્ર વિનંતિ કરવામાં આવે છે. ( મળેલું. )

## શહેર ભાવનગરમાં વડવાના દેરાસરમાં અષ્ટોત્તરી મહાસ્નાત્ર.

વડવા શ્રી ચંદ્રપ્રભુજી મહારાજના દેવાલયની સામે જુનું દેવાલય હતું તેને નવેસરથી તેજ સ્થળે નવું દેવાલય શ્રી સંઘ તરફથી ખર્ચ કરી બંધાવવામાં આવ્યું છે, જેમાં આ માસમાં પ્રતિષ્ઠા થવાની હતી; પરંતુ તે દેવાલયમાં મૂળનાયકજી શ્રી નેમનાથ પ્રભુની પ્રથમ પ્રતિષ્ઠા કરનારાઓના વંશવારસોએ પોતાનો પ્રતિષ્ઠા કરવાનો હક છે તેવું જણાવતાં મતભેદ પડતાં હાલ પ્રતિષ્ઠા કરવી મુલતવી રાખી છે, અને તેને બદલે શ્રી નેમનાથ ભગવાનના ત્રણ કલ્યાણક (દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ) નો પટ તૈયાર કરાવી તેને તે દેવાલયમાં પધરાવી અષ્ટોત્તરી સ્નાત્ર આ માસમાં ભણાવેલ છે; આ મતભદની બાબતમાં બીજે સ્થળે કેમ થયેલ છે તે જાણવું જરૂરનું છે, તેમ આગ્રહને પણ છોડી દઈ બીજે સ્થળે શું વસ્તુસ્થિતિહતી તે પણ ધ્યાનમાં લેવાનું છે. ધારો કે બીજા સ્થળોએ કદાચ બંને પ્રકારના દાખલા જાણવામાં આવે તો પણ તેમાં પણ ન્યાયને આગળ કરી મતભેદ દૂર કરી સાચું તે આપણું તેમ કરી આ કાર્યનો નિવેડો લાવવાની જરૂર છે.

## શહેર ભાવનગરમાં શાન્તિસ્નાત્ર.

આ શહેરના સુપ્રસિદ્ધ અગ્રગણ્ય શેઠ આણંદજી પુરૂષોતમને ત્યાં તેમના લઘુ પુત્ર ચુનીલાલનાં લગ્ન વૈશાક શુદ ૧૫ ના હોવાથી પૂજા, રથયાત્રાના વરઘોડા સાથે વધારામાં શાન્તિસ્નાત્ર વૈશાક વદી ૩ ના રોજ તેઓના તરફથી ભણાવવામાં આવેલ છે, જેથી આવા લગ્ન જેવા કાર્યમાં ધાર્મિક નિમિત્ત જેટલું બને તેટલું વધારે મેળવવાનું તે ખુશી થવા જેવું અને ઇચ્છિાજોગ છે. આ શુભ પ્રસંગે ઉક્ત શેઠના પુત્રોએ છુટી છુટી રકમો સંસ્થાઓને ભેટ આપી છે, સિવાય મજકુર શેઠના સુપત્ની માણેકબાઈએ પોતે રૂ. ૧૦૦૧) ગોહીલવાડ પ્રાંતના જૈન બંધુઓ કે જેને સહાયની જરૂર હોય તેને સહાય માટે આપ્યા છે જે ખુશી થવા જેવું છે, અને દરેક બ્હેનોએ આવા કાર્યનું અનુકરણ કરવા જેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## લગ્ન પ્રસંગે અઠ્ઠાઇ મહોત્સવ.

શહેર ભાવનગરમાં વોરા જુઠાભાઇ સાકરચંદની પુત્રી બ્હેન રંભાના વૈશાક શુદ ૧૫ ના લગ્ન હતા તે પ્રસંગે વોરા જુઠાભાઇએ ધાર્મિક નિમિત્તમાં પ્રભુજીને પોતાને ઘેર પધરાવી અઠ્ઠાઈ મહોત્સવ કર્યો હતો તેમજ લગ્ન પ્રસંગે કેળવણી જેવા કાર્યને પણ ભુલી જવામાં આવ્યું નથી. રૂા. ૨૫૦) કેળવણી ફંડમાં શ્રી જૈન આત્માનંદ સભાને આપ્યા છે. તેમજ પરચુરણ નાની રકમો પણ આપી છે.

---

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

## થોડા વખતમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થશે.

| | | | |
|---|---|---|---|
| ૧ ધર્માભ્યુદય નાટક, સૂક્તમુક્તાવળી. | ૦-૪-૦ | ૨ પંચનિગ્રંથી પ્રજ્ઞાપના તૃતીયપાદ- | |
| ૩ રત્નશેખરી કથા. (પ્રાકૃત) | ૦-૪-૦ | સંગ્રહણી સટીક. | ૦-૪-૦ |
| ૪ દાનપ્રદીપ. | ૨-૦-૦ | ૫ બૃહત સંઘયણિ મોટી ટીકા. | ૧-૧૨-૦ |
| ૬ શ્રાદ્ધવિધિ. | | ૭ ષડ્દર્શન સમુચ્ચય. | |

---

## છપાતા નવા ગ્રંથો.

૧ પંચસંગ્રહ. શેઠ રતનજીભાઇ વીરજી તરફથી.

૨ સત્તરિસય ઠાણ સટીક–શાહ ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.

૩ સુમુખનૃપાદિમિત્ર ચતુષ્ક કથા. શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.

૪ ચૈત્યવંદન મહાભાષ્ય. ૫ ધર્મપરીક્ષા. જામનગરવાળી બેન મણી ત.

૬ જૈન મેઘદૂત સટીક. ૮ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ.

૭ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ ૯ દ્રૌપદી સ્વયંવર નાટક.

---

## છપાવવાના ગ્રંથો.

૧ સિદ્ધપ્રાભૃત સટીક. ૨ ષટ્સ્થાનક સટીક.

૩ સંસ્તારક પ્રકીર્ણક સટીક. ૪ શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ સટીક.

૫ બંધહેતૂદય ત્રિભંગી સટીક. ૬ બંધોદયસત્તા પ્રકરણ સટીક.

૭ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત. ૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.

૯ વિજયદેવસૂરિ માહાત્મ્ય. ૧૦ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.

૧૧ પ્રાચીન પાંચમો કર્મગ્રંથ. ૧૨ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ટીકા સાથે.

૧૩ ધાતુ પારાયણ.

---

## આગમો છપાવવાની થયેલ યોજના.

१ अंतगडदशासूत्र सटीक. २ अनुत्तरोववाईसूत्र सटीक.

३ उपासकदशांग सटीक. ४ नंदीसूत्र. श्रीहरिभद्रसूरिकृत टीका साथे.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ગુર્જર ભાષાંતર ) **શ્રીભગવતી સૂત્ર.** ( પ્રથમગુચ્છ )

## કિંમત રૂા. ૨–૮–૦ ટપાલખર્ચ જુદું.

### આ સૂત્રના વાંચન વખતે સોનામોહોરોની પ્રભાવનાઓ થઇ છે, ત્યારે શું તમારા ઘરમાં તેનો સંગ્રહ ન જોઇએ ?

શ્રી જૈનધર્મનું ખરૂં જીવન સર્વજ્ઞ પ્રણીત સૂત્રો છે. આ ભારતવર્ષ ઉપર વિજયધ્વજ ફરકાવનાર આખા જૈન ધર્મની ઇમારત સૂત્રોના પાયા ઉપર જ રચાણી છે. ભગવાન્ શ્રી જિનપ્રભુની નીતિમય અને પવિત્ર આજ્ઞાઓ, ઉંડા રહસ્યો અને સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન જાણવાના મુખ્ય સાધન તેમના પવિત્ર સૂત્રોજ છે. ભગવાન્ શ્રી મહાવીરપ્રભુની વાણીની એક અક્ષર માત્રથી અનેક અમૂલ્ય શિક્ષાઓના પ્રવાહો એ સૂત્રોમાંથી છુટે છે.

સાંપ્રતકાલે જૈનોના પીસ્તાલીશ આગમો કહેવાય તેની અંદર આ પાંચમાં અંગરૂપે ભગવતી સૂત્રની એક મહાન્ આગમ તરીકેની ગણના થાય છે. આ મહાન્ સૂત્રમાં સ્થળે સ્થળે ઉત્તમ તત્ત્વજ્ઞાન ધર્મોપદેશ અને અધ્યાત્મ વિદ્યાના મૂળ તત્ત્વોનું યથાર્થ પ્રતિપાદન કરેલું છે. મનુષ્ય જન્મમાં આવશ્ય, પ્રાપ્તવ્ય અને જ્ઞાતવ્ય શી વસ્તુ છે તેનો બોધ કરનાર આ એક સર્વોત્તમ ગ્રંથ ગણાયો છે. પૂર્વાચાર્યોના કેટલાએક લેખોમાં કહ્યું છે કે, શ્રી મહાવીરપ્રભુ અને ગૌતમસ્વામીના પ્રશ્નોત્તરરૂપે ગ્રંથિત કરેલા ભગવતીસૂત્રમાંથી કર્મપ્રકૃતિના સ્વરૂપ, તાત્ત્વિક સિદ્ધાંતો, આચારધર્મો અને વિવિધ રહસ્યના બોધો મળી શકે છે; તેથી આ મહાન્ ગ્રંથ સંસારસાગરથી તરવાને ઉત્તમ નૌકારૂપ, જૈન સંવેગી મહાત્માઓને વિશ્રાંતિને માટે માનસરોવરરૂપ, અખંડ આત્મિક આનંદનો અનુભવ કરવાને કલ્પવૃક્ષરૂપ અને અનાદિકાળના અજ્ઞાનરૂપ ગજેન્દ્રને દૂર કરવામાં કેસરીસિંહરૂપ કહેવાય છે.

આ પ્રથમ શતકના પહેલા ઉદ્દેશમાં કર્મના ચલનનો વિષય આવે છે તેની અંદર તે વિષે નવ પ્રશ્નો કરવામાં આવ્યા છે. બીજો ઉદ્દેશ દુઃખ વિષયનો છે, જેનાં જીવ પોતે કરેલા દુઃખને વેદના સંબંધી પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્રીજો ઉદ્દેશ કાંક્ષા પ્રદેશનો છે; જેમાં જીવે કરેલાં કાંક્ષામોહનીય કર્મના પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચોથો પ્રકૃતિનો ઉદ્દેશ છે; જેમાં કર્મની પ્રકૃતિ–ભેદના પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. પાંચમો ઉદ્દેશ પૃથ્વી સંબંધી છે, જેમાં "પૃથ્વીઓ કેટલી છે?" એ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. છઠ્ઠો યાવત્ ઉદ્દેશ છે, તેની અંદર કેટલા અવકાશને અંતરે સૂર્ય રહેલો છે, તે સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. સાતમા નૈરયિક ઉદ્દેશમાં નરકને વિષે ઉત્પન્ન થતાં નારકી સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. આઠમા બાલ નામના ઉદ્દેશમાં "મનુષ્ય એકાંત બાલક છે કે કેમ?" એ પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવ્યું છે. નવમા ગુરૂત્વના ઉદ્દેશમાં "જીવો કેવી રીતે ગુરૂત્વ–ભારેપણાને પામે છે?" ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે અને દશમા ચલનાદિ ઉદ્દેશોમાં ચાલતું છે, તે અચલિત છે. ચાલતું નથી. ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**પુરૂષોત્તમ ગીગાભાઇ શાહ ભાવનગર.**

Registered No. B. 431

For Private And Personal Use Only